પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૧૨/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ કારતક વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૨૯૪


**સુવિચાર**

પિતાની આજ્ઞા અનુસાર પુત્ર કામ કરે તો પુત્ર કેટલો વહાલો લાગે. પિતા-પુત્રનો મનમેળ હોય તો કાર્ય કેટલું દીપી ઉઠે.


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બનેલ માર્ગમાં જયાં ત્યાં ખોદકામ

# સાવરકુંડલામાં ગેસ કંપનીએ મહત્વનાં અનેક માર્ગોની હાલત બગાડી

**ગેસ પાઈપલાઈનનાં વિકાસનાં નામે મહત્વનાં માર્ગોનો વિનાશ થાય અને પાલિકાતંત્ર તમાશો જોયા કરે છે**

**ગેસ કંપનીએ માર્ગમાં નુકસાન પેટે રકમ જમા કરાવી હોય તો યુધ્ધનાં ધોરણે માર્ગની મરામત કરો**

**ગેસ કંપની આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને કામગીરી કરે તો માર્ગોને ઓછું નુકસાન શકય**

**જાગૃત ધારાસભ્યએ ગેસ કંપની અને પાલિકાનાં શાસકો સાથે બેઠક યોજીને યોગ્ય કરવું જોઈએ**






સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા શહેરમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી થોડા મહિનાઓ પહેલા મહત્વનાં અનેક માર્ગો બનાવવામાં આવ્યા બાદ હવે ગેસ કંપની ઘરે–ઘરે પાઈપલાઈન ધ્વારા ગેસ પહોંચાડવા માટે કાર્યરત થતાં અનેક માર્ગોને જયાં ત્યાં તોડી નાખતી હોય શહેરીજનોમાં નારાજગી ઉભી થઈ હોય જાગૃત ધારાસભ્યએ ગેસ કંપની અને પાલિકાનાં શાસકો વચ્ચેની કડી બનીને ગેસ પાઈપલાઈનની કામગીરીમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થાય અને માર્ગોને ઓછામાં ઓછું નુકસાન થાય અને જે નુકસાન થાય તે ત્વરિત તેની ભરપાઈ થાય તે માટે સુચન કરવું જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

સાવરકુંડલામાં ઘરે–ઘરે પાઈપલાઈન ધ્વારા રાંધણગેસ પહોંચતો થાય તે બાબત આવકારદાયક છે પરંતુ વિકાસનાં નામે માર્ગોનો વિનાશ થાય તેવું કાર્ય કોઈ પણ સંજોગોમાં ચલાવી ન શકાય.

જો કે ગેસ કંપનીએ પાલિકાનાં શાસકો પાસેથી મંજૂરી મેળવી હશે અને માર્ગોની નુકસાની પેટે થતી ભરવાની રકમ પણ ભરી હશે. છતાં પણ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને કામગીરી કરવી પડશે અને પાલિકાનાં શાસકોએ પણ જે માર્ગ તોડી પાડવાં આવે તેની મરામત પણ ગણતરીની કલાકોમાં કરવી જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યાં છે.

## મહિલાઓને સોનાના દાગીના પહેરવામાં પણ જોખમ

# રાજુલામાં ધોળે દિ'એ મહિલાનાં કાનમાંથી સોનાની બુટીની લૂંટની ઘટના બની

**પોલીસે અજાણ્યા શખ્સને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા**

અમરેલી, તા. ૬

રાજુલા ગામે આગરીયા જકાત નાકા પાસે, ગેબનશા પીરની દરગાહની બાજુમાં રહેતા મરીયમબેન રહીમભાઈ વારૈયા નામના ૫૫ વર્ષિય મહિલા તા. ૪/૧૨ ના રોજ બપોરના બે વાગ્યાના સમયે પોતાના ઘરે એક પીળા કલરની થેલીમાં ટીફીન મુકીને ટાવર પાસે પોતાના પતિને ટીફીન દેવા માટે ઘરેથી નીકળીને જતા હતા તેવામાં આશરે સવા બે વાગ્યે તેણી ગોલ્ડન પ્લાઝાના પાછળના દરવાજા પાસે રોડ ઉપર પહોંચ્યા હતાં ત્યારે એક અજાણ્યો પુરૂષ આશરે ૩૫ થી ૪૦ વર્ષની ઉંમરનો મજબુત બાંધાનો જીન્સનુ પેન્ટ તથા લાંબી બાઈનો આડી પટાની ડીઝાઈનવાળો શર્ટ પહેરેલ એક અજાણ્યો આરોપી તેણી પાસે આવી અને વાતોમાં મશગુલ કરી તેણીએ બન્ને કાનમાં પહેરેલ સોનાની બુટી સર સાથેની જેમા એક બુટીનુ વજન સર સાથે આશરે સાડા સાત ગ્રામ જેની કિંમત રૂપિયા ૨૦,૦૦૦ તથા બીજી બુટીનુ વજન સર સાથેનુ આશરે સાડા સાત ગ્રામ જેની કિંમત રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૪૦,૦૦૦ ની બે સોનાની બુટી સર સાથેની આ અજાણ્યો આરોપી મહિલાની નજર ચુકવી કાનમાંથી આંચકીને કાઢીને લુંટ કરી ભાગી જઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## સત્તાધારી પક્ષનાં આગેવાનો માટે શરમજનક ઘટના

# બાબરા બાદ વડિયાનાં સિરપકાંડમાં પણ ભાજપ પરિવારનાં સદસ્યનું નામ પ્રકાશમાં આવ્યું

**સત્તાધારી પક્ષમાં હોય એટલે પરિવારનાં સદસ્યને કોઈનો ડર નથી**



અમરેલી, તા. ૬

વડિયા ખાતેથી થોડા દિવસો પહેલા પોલીસે સિરપકાંડમાં રાજેશ સાંગાણીની અટકાયત કરી સ્થાનિક કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવીને પુછપરછ કરતાં તેઓએ સિરપનો જથ્થો ગોંડલનાં સુલતાનપુર ગામનાં ભાજપ અગ્રણીનાં ભાઈ હિતેષભાઈ ગોંડલીયા પાસેથી લાવ્યાનું જણાવતાં બાબરા બાદ વડિયાનાં સિરપકાંડમાં પણ ભાજપ પરિવારનાં કોઈ સદસ્યનો પરિવારજનનું નામ પ્રકાશમાં આવતાં જનતા જનાર્દનમાં આશ્ચર્ય ફેલાયું છે.

## શહેરની વેપારી આલમમાં શોકનો માહોલ

# સાવરકુંડલાનાં જાણીતા વેપારી મુકેશભાઈ કડવાણીનું હાર્ટ એટેક આવતા મોત

**રવિવારે સાંજે અચાનક વિદાય લીધી**



સાવરકુંડલા, તા. ૬

કંસારા ત્રબંકલાલ ગોવિંદજીની પેઢી ચલાવતા અને વાસણના વ્યવસાયમાં સારૂં નામ ધરાવનાર અને વૈષ્ણવ સંપ્રદાય સાથે જોડાયેલ મુકેશભાઈ ચીમનભાઈ કડવાણી (ઉં.વ. ૫૪)નું તારીખ ૨/૧૨/૨૩ રવિવાર સાંજના ૬.૩૦ અને ૭ ની વચ્ચે જયારે ફ્રેશ થવા બહાર ગયા ત્યારે ૭ વાગ્યે અચાનક એટેક આવવાથી મૃત્યુ થયું હતું.

તેમને આજ સુધી કોઈ પણ બીમારી પણ ના હતી અને પરિવારમાં ૯ સભ્યો રહે છે અને તેમને ૧૦ અને ૧૨ વર્ષના સંતાન છે જેમાં એક દીકરો અને એક દીકરી છે. અચાનક આ મૃત્યુથી નિખાલસ સ્વભાવ ધરાવતા આ વ્યકિતના પરિવાર પર આભ ફાટયું છે. ત્યારે આ વધતા જતા હાર્ટ એટેકનું પ્રમાણ ચિંતાનો વિષય બન્યો છે.

## રહેણાંક મકાનમાં પોલીસ પહોંચી

# અમરેલીનાં કેરિયાનાગસ ગામેથી વિદેશી દારૂની બોટલ સાથે આરોપીની અટકાયત

**પાલિતાણા ખાતેથી દારૂની બોટલ લવાઈ હતી**

અમરેલી, તા. ૬

અમરેલી તાલુકાના કેરીયાનાગસ ગામે આવેલ ભગવતી ચોકમાં રહેતા વૈભવસિંહ ધર્મેન્દ્રસિંહ ચૌહાણ નામના આરોપીએ પોતાના કબ્જાના રહેણાકમાં ઢાંકણાવાળી ૧૦૦ મી.લી.ની બોટલ–૧૦ એક બોટલની કિંમત રૂપિયા ૭૦ની મળી કુલ રૂપિયા ૭૦૦નો મુદ્દામાલ રાખી, પોતાના આર્થિક ફાયદા સારૂ લાયસન્સ વગર ગેરકાયદેસર ગુજરાતમાં દારૂ બંધી હોય


અનુસંધાન પાના ૬ ઉપર


## સ્થાનિક પોલીસે દરોડો પાડયો

# સાવરકુંડલાનાં ખોડિયારનગરમાં રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા. ૬

સાવરકુંડલા ગામે નેસડી રોડ ખોડીયાર નગરમાં રહેતા અભિષેકભાઈ અરવીંદભાઈ વાળોદરા નામના આરોપીએ વગર પાસ પરમીટે પોતાના રહેણાંક મકાનમાં આવેલ લાકડાના કેબીનમાં ભારતીય બનાવટની ૫૦૦ એમ.એલ.ના કંપની રીંગપેક બીયરના ટીન નંગ–૨૭ કિંમત રૂપિયા ૨૭૦૦ તથા ભારતીય બનાવટના વિદેશી દારૂ ૭૫૦ એમ.એલ.ની કંપની રીંગપેક કાચની બોટલો નંગ–૨ કિંમત રૂા. ૬૦૦ મળી કુલ રૂપિયા ૩૩૦૦નો મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર ન મળી આવ્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## સ્પે.ટ્રેનની ટિકિટનું બુકિંગ શરૂ થઈ ગયું

# આજથી મહુવા–સુરત વચ્ચે દોડશે દ્વિ–સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન

**મહુવાથી દર ગુરૂવાર ને શનિવારે પ્રસ્થાન કરશે**

અમરેલી, તા. ૬

લગ્નની સિઝન તથા દિવાળી પછી કામકાજના સ્થળે લોકો પરત ફરી શકે તે માટે થઈ મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવે દ્વારા મહુવા અને સુરત વચ્ચે વિશેષ ભાડા પર દ્વિ–સાપ્તાહિક વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય કર્યો છે. ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા અનુસાર આ ટ્રેન મહુવાથી દર ગુરૂવાર અને શનિવારે બપોરે ૧૩:૧૫


અનુસંધાન પાના ૬ ઉપર



Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
માટીની ભીનાશ જેમ વૃક્ષને પકડી રાખે છે તેમ શબ્દોની મીઠાશ મનુષ્યના સંબંધોને સાચવી રાખે છે...
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

અમરેલી એક્સપ્રેસ દૈનિકમાં એજન્ટ/પત્રકારની નિમણુંક કરાશે
અમરેલી જિલ્લાના સર્વાધિક લોકપ્રિય દૈનિક "અમરેલી એક્સપ્રેસ" દૈનિકની વાર્ષિક લવાજમ યોજના ૧ લી જાન્યુઆરી-૨૦૨૪ ના રોજ શરૂ થઇ રહી છે.
જિલ્લાના રાજુલા, ચિતલ, લાઠી, દામનગર, લીલીયા, વીજપડી, ટીંબી, જાફરાબાદ, ડુંગર સહિતનાં વધુ એક એજન્ટ અને પત્રકાર ની નિમણુંક કરવાની હોય રસ ધરાવતી અને અનુભવી વ્યકિતઓએ સંપર્ક કરવો.
મનોજ રૂપારેલ
તંત્રી
મો. ૯૮૨૫૦ ૦૭૪૪૩

## જાહેર માર્ગોથી લઈને રહેણાંક વિસ્તારની ગલીમાં પણ સમસ્યા બેકાબુ

# અમરેલી જિલ્લામાં રખડતા પશુઓની સમસ્યા દૂર કરો

હાઈકોર્ટનાં આદેશ બાદ રાજ્ય સરકારે તમામ મહાનગરપાલિકા અને પાલિકાનાં શાસકોને આદેશ કર્યો છતાં પણ જિલ્લામાં કોઈ કાર્યવાહી નહી

રખડતી ગાય, આખલાઓ અને કુતરાઓનાં કારણે જનતા જનાર્દન ત્રાહીમામ પોકારી ગઈ

અમરેલી પાલિકાનાં શાસકો છેલ્લા બે મહિનાથી માત્ર ચીમકી અને ચેતવણી જ આપ્યા કરે છે

સાવરકુંડલા, જાફરાબાદ સહિત તમામ શહેરોમાં પણ રખડતા પશુઓની સમસ્યા વિકરાળ બની ચુકી છે



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

અમરેલી, તા. ૬

ગુજરાત હાઈકોર્ટ ધ્વારા થોડા મહિનાઓ પહેલા ગુજરાતનાં તમામ શહેરોમાં રખડતા પશુઓની સમસ્યા દૂર કરવાનો આદેશ કર્યા બાદ રાજય સરકારે તમામ પાલિકા અને મહાનગર પાલિકાનાં સત્તાધીશોને રખડતા પશુઓની સમસ્યા દૂર કરવા તાકીદ કરી છતાં પણ અમરેલી જિલ્લામાં હાઈકોર્ટ કે રાજય સરકારનાં આદેશને લઈને કોઈ પણ પ્રકારની કામગીરી કરવામાં આવતી નથી.

અમરેલી, સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, બાબરા, વડિયા સહિત તમામ મોટા ગામો અને શહેરમાં જાહેર માર્ગથી લઈને રહેણાંક વિસ્તારની ગલીઓમાં રખડતી ગાય, આખલાઓ કે કુતરાની સમસ્યા વિકરાળ બની ચુકી છે. નાના બાળકો, મહિલાઓ અને વૃધ્ધોને ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે તો જાહેર માર્ગો પર ગાય અને આખલાઓ અડિંગો જમાવતા હોય કે માર્ગમાં ઉભા હોય વાહનચાલકો પણ અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

અમરેલી પાલિકા માત્ર મીડિયાનાં માધ્યમથી રખડતા પશુઓનાં માલીકોને ચીમકી અને ચેતવણી આપીને સંતોષ માનતી જોવા મળી રહી છે અને જનતા જનાર્દન નિર્માલ્ય વહીવટી તંત્રની કામગીરી સામે નિસાસા નાખતી જોવા મળી રહી છે. જિલ્લાનાં ધારાસભ્યો કે સાંસદ કે અન્ય મહત્વનાં કોઈપણ આગેવાન જનતા જનાર્દનનાં હિતમાં રખડતા પશુઓની સમસ્યા દૂર કરવા આગળ આવતાં નથી તે પણ હકીકત છે.

## ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાશે

અમરેલી તા. ૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં, દેશના ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પ સાથે ખેતી અને ખેડૂતોને લગતી કલ્યાણકારી યોજનાઓ અને નીતિઓનું ઘડતર કરવામાં આવી રહ્યું છે. આ કડીના ભાગરૂપે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ–૨૦૧૯માં એક મહત્વની યોજના 'પી.એમ. કિસાન સન્માન નિધિ'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાજય સરકાર દ્વારા આ યોજના છેવાડાના માનવી સુધી પહોંચે તેમાટે ખેતીવાડી વિભાગના માધ્યમથી યોજનાઓનો સહાયકીય લાભ છેવાડાના નાગરિક સુધી પહોંચાડવા માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લામાં આ યોજનાના લાભ મેળવતા ખેડૂતો પૈકીના અમરેલી જિલ્લાના કુંકાવાવ–વડીયા તાલુકાના મોટા ઉજળા ગામના ખેડુત જયંતિભાઈ ચૌહાણ પણ છે.

મોટા ઉજળા ગામે તાજેતરમાં જ સંપન્ન થયેલા' વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના કાર્યક્રમમાં લાભાર્થીએ એક વિશેષ વાતચીતમાં આ યોજના દ્વારા તેમને થયેલા ફાયદા અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. ૪૦ વર્ષીય જયંતિભાઈ ચૌહાણ 'પી.એમ. કિસાન સન્માન નિધિ' યોજનાની શરૂઆતથી જ આ યોજના અંતર્ગત મળતી વાર્ષિક રૂા.૬,૦૦૦ની સહાય મેળવી રહ્યા છે. તેમણે જણાવ્યુ કે, મારે ખેતીલાયક ૧૮ વિઘા જમીન છે. શરૂઆતથી જ હું આ યોજનાનો લાભ મેળવી રહ્યો છું. આ યોજના અંતર્ગત મળતા વર્ષના રૂા.૨૦૦૦ના ત્રણ હપ્તાનો સદ્‌પયોગ ખેતી માટેના ઉપયોગી ખાતર અને બિયારણની ખરીદી માટે કરૂ છું.

ઉલ્લેખનીય છે કે, જયંતિભાઈ ચૌહાણને અત્યાર સુધીમાં 'પી.એમ. કિસાન' યોજના અંતર્ગત ૧૪ હપ્તા મળ્યા છે. તેમણે ઉમેર્યુ કે, યોજનાની



શરૂઆતથી જ મને નિયમિત હપ્તા મળી રહ્યા છે. ખેડૂતોને પરચૂરણ ખર્ચને પહોંચી વળવાતેમજ અન્ય નાની મોટી ખરીદી માટે આ સહાય ઉપયોગી છે. તેઓ ઉમેરે છે કે, ખેડૂતોને લાંબા ગાળે આ યોજનાનો મોટો ફાયદો મળશે. યોજનાનો લાભ આપવા બદલ સરકારનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરૂ છુ.

અમરેલી જિલ્લામાં ગત તા. ૨૪ નવેમ્બરથી પ્રસ્થાન થયેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' પ્રથમ તબક્કામાં પાંચ તાલુકાના ગામડાઓમાં પરિભ્રમણ કરી રહી છે. આ યાત્રા થકી કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો સ્થળ પર લાભ આપવામાં આવી રહ્યો છે આ સાથે જ આરોગ્ય કેમ્પ, પશુઓનાં રસીકરણ, પ્રાકૃતિક કૃષિના પ્રચાર–પ્રસાર સહિતના એકમોનું નિદર્શન અને લાભ પણ આપવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ સાથે અંતિમ લાભાર્થીને જોડવા માટે જિલ્લા વહીવટીતંત્ર કટિબદ્ધ છે.

## અમરેલીના સાહિત્યકાર ગણપત દાદાને સંતવાણીથી શ્રદ્ધાંજલિ અર્પણ



અમરેલી, તા. ૬

સાહિત્ય જગતના મશહૂર સાહિત્યકાર અને છાલક માસિકના તંત્રી ગણપતદાદા ઉપાધ્યાયને ભવ્યાતી ભવ્ય સંતવાણી દ્વારા શ્રદ્ધાંજલિ આપવાનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં લોકસાહિત્ય સેતુના કલાકારો સર્વ ચંદ્રકાંતભાઈ બારોટ, રમેશભાઈ જાદવ, તન્વીબેન હિરપરા, રંજનબેન ભુવા, કનુભાઈ સોલંકી, સુરેશભાઈ વેકરીયા જેવા કલાકારોએ પોતપોતાની આગવી હલકથી સંતવાણી પીરસી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સહુને મંત્રમુગ્ધ કર્યા. ભરતભાઈ ઉપાધ્યાય પરિવાર સહીત ખાસ ઉપસ્થિત રહી દાદાના પ્રેમને વાગોળ્યો. રમેશભાઈ મકવાણાએ તબલા ઉપર સંગત આપી. સંચાલન, આભારદર્શન મહેન્દ્રભાઈ જોષીએ પોતાની આગવી શૈલીમાં કર્યુ.

## રાજુલાની વિદ્યાર્થીનીઓએ કૌશલ્ય તાલીમ સંસ્થાની મુલાકાત લીધી



રાજુલા, તા. ૬

શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટસ તથા કોમર્સ કાલેજના વિદ્યાર્થિની બહેનોએ કૌશલ્ય ઉદ્યમીતા તાલીમ ભવન સેડી સંસ્થાની મુલાકાત લીધી.

શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા કાલેજ, રાજુલાના એનએસએસ સ્વયમ સેવક બહેનો દ્વારા એ.પી.એમ. ટર્મિનલ તથા પીપાવાવ પોર્ટ સંચાલિત સ્કીલ એન્ડ ડેવલપ મેન્ટ ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત લીધેલ.

સંસ્થાનાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ પવનકુમાર ચતુર્વેદી તથા સ્ટાફ પરિવારે આવકારી અલ્પાહાર બાદ વિવિધ તાલીમ ભવનની મુલાકાત સાથે માર્ગ દર્શન આપેલ. જેમાં નર્સિંગ, સી.એન.સી., ઈલેકિટ્રક કોર્સ, સોફટ સ્કીલ તથા કોમ્પ્યુટર કોર્સની માહિતી આપેલ. રોજગારી ની વિવિધ તકો પૂરી આપતી સેડી સંસ્થા છે. બહેનો આ તાલીમના માર્ગદર્શનથી પ્રભાવિત થયેલ. કાલેજ કેમ્પસ ડાયરેકટર ડો. જીજ્ઞેશભાઈ વાજા તથા સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા પ્રિન્સિપાલ ડો. રીટાબેન વી. રાવલે શુભેચ્છાઓ પાઠવેલ. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર જાગૃતિબેન તેરૈયા તથા સ્ટાફ પરિવારે જહેમત ઉઠાવી હતી.

હેપ્પી બર્થ–ડે...

રાજુલાના 'હર્ષ' અને 'હેત' નો જન્મદિન હોવાથી

પપ્પા : જયેશભાઈ, મમ્મી : નર્મેશાબેન,

દાદા : સ્વ. રમેશભાઈ, દાદી : ચંદ્રિકાબેન

(રાજુલા નગરપાલિકા પૂર્વ કારોબારી ચેરમેન)

તથા સમગ્ર દવે પરિવાર તરફથી લાડકડા

'હર્ષ' અને 'હેત'ને તેના જન્મદિન નિમિતે

ખૂબ ખૂબ શુભકામનાઓ સહ, આર્શિવાદ...

મુ. રાજુલા.



હર્ષ – હેત

## અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા સ્પોર્ટ્સ સ્કૂલનાં હેન્ડબોલ ખેલાડીઓ રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રથમ

અમરેલી, તા. ૬

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલના ઓપન ગુજરાત હેન્ડબોલ ટુર્નામેન્ટ તા. ૦૯ અને ૧૦ નવેમ્બરનાં રોજ યોજાયેલ હતી. જેમાં અમરેલી જિલ્લામાં સ્પોર્ટ્સ ક્ષેત્રે ગૌરવ વધારતા વિદ્યાર્થીઓ (૧) વઘાસીયા વેદ (૨) સાનેપરા જિલ (૩) લાધવા વૈદીક (૪) પોલેરા અનુગ્રહ (૫) ઓલકીયા સાગર (૬) સરવૈયા દેવવ્રતએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. તેમની આ અપ્રતિમ સિદ્ધી બદલે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ



ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી, કોચ રવિભાઈ નાવડીય તેમજ તમામ ડીએલએસએસ સ્ટાફ, તમામ પ્રિન્સીપાલ અને સુપરવાઈઝરએ હૃદયપૂર્વક શુભકામના પાઠવી હતી. તેમજ આગામી સમયમાં વધુ સારૂ પ્રદર્શન કરે તે માટે તમામ ખેલાડીઓને હૃદયપૂર્વક શુભેચ્છા આપી હતી.

### તા. ૧૦/૧૨/૨૦૨૩નાં રોજ આયોજન

## અમરેલી ખાતે તળપદા કોળી સમાજનાં સમૂહલગ્ન અને તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ

### રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે

અમરેલી, તા. ૬

અમરેલી ખાતે તળપદા કોળી સમાજ સમૂહ લગ્ન અને તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ તા. ૧૦/૧૨/૨૦૨૩ મહિલા તળપદા કોળી સેવા સમાજ દ્વારા ભવ્ય આયોજન બાલ હનુમાન મંદિર કૈલાસ મુકિત ધામ સામે ભવ્ય આયોજનમાં ભુપતભાઈ એમ.ડાભી, ચેરમેન ઠાકોર વિકાસનાં પ્રમુખ સ્થાને સમારંભનું ઉદ્‌ઘાટન શિવાભાઈ ગોહીલ મહુવા ધારાસભ્ય, પુંજાભાઈ વંશ પૂર્વ ધારાસભ્ય, બાબુભાઈ વાજા ચોરવાડ, રાજુભાઈ સોલંકી પ્રમુખ માંધાતા ગૃપ ભાવનગર, નનકુભાઈ ધરજીયા પ્રમુખ બોર્ડીંગ, પ્રમુખ બાલુભાઈ બી. ગોહીલ, નિવૃત શિક્ષક અધિકારીનાં હાથે દિપ પ્રગટાવી કરવામાં આવશે. આ સમારંભ કોળી સમાજનાં હોદ્દેદારો, કાર્યકરો હાજરી આપશે.

આ સમારંભને સફળ બનાવવા મંડળ પ્રમુખ આરતીબેન ગોહીલ, પરશોતમભાઈ એન. મકવાણા, રમેશભાઈ આર. ડાભી, ભાવેશભાઈ જી. વાઘેલા, વિપુલભાઈ ડી. પરમાર, ભીખુભાઈ પી. મકવાણા વિદ્યાર્થી સંચાલક આશીષભાઈ બી. મકવાણા, ધ્રુવેશભાઈ પી. મકવાણા જહેમત ઉઠાવી રહ્યાં છે.

# લીલીયા મોટાના વેલનાથ પ્લોટ વિસ્તારમાં પાણીના સંપનું ભૂમિપૂજન કરતા ધારાસભ્ય કસવાલા



લીલીયા મોટા વેલનાથ પ્લોટ વિસ્તારમાં પાણીદાર સુવિધા પાણીના સંપનું ભૂમિપૂજન કરતા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા આ સંપ અંદાજે પાંચ લાખ જેવી માતબર રકમ અને ૧.૨૦ લાખ લીટરની શ્રમતા ધરાવતા આ સંપનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. જેમાં વિસ્તારના ગ્રામ પંચાયતના સદસ્ય શારદાબેન રાવજીભાઈ વઘેડીયા તેમજ ધારાસભ્ય દ્વારા ભૂમિપૂજન કરાયું. આ તકે લીલીયા સરપંચ જીવનભાઈ વોરા, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ સાવજ, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, વિજય કોગથીયા તેમજ તાલુકા પંચાયત સદસ્યો ગ્રામ પંચાયત સદસ્યો સહિત વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

## નકલી કચેરીઓ, નકલી અધિકારીઓ, નકલી ખાધસામગ્રી, નકલી ટોલનાકા અને હવે નકલી ધારાસભ્ય

# ગાંધીનાં ગુજરાતમાં અસલી શું અને નકલી શુ છે તે સમજાતું નથી

**છેલ્લા એકાદ વર્ષથી દરેક ખાધ સામગ્રી નકલી તો સરકારી કચેરીઓ, અધિકારીઓ અને પદાધિકારીઓ અને ટોલનાકા પણ નકલી પ્રકાશમાં આવી રહ્યા છે**

**વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતમાં સરકારનો કોઈ ડર નકલખોરોને રહ્યો નથી તે હકીકત છે**

**જયાં સુધી નકલખોરો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં નહી આવે ત્યાં સુધી આ દુષણ બંધ થવાનું નથી**

**રાજય સરકારે વહીવટી તંત્ર ઉપરની પકડ વધારે મજબૂત કરીને જે કોઈ નકલી ચાલતું હોય તેને તાકીદે બંધ કરાવવા આદેશ આપવો જરૂરી**

અમરેલી, તા. ૬

મહાત્મા ગાંધી અને સરદાર પટેલની જન્મભૂમિ ગણાતા ગુજરાતમાં બનાવટ ખોરો, સંગ્રહખોરો અને નફાખોરો બાદ હવે નકલખોરોએ પણ ઉપાડો લીધો હોય રાજય સરકારે વહીવટી તંત્ર પરની પકડ વધારે મજબૂત કરીને જે કાંઈ નકલી ચાલતું હોય તેને ઝડપી લઈને નકલખોરો સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપવો જરૂરી છે.

થોડા દિવસો પહેલા એક સરકારી કચેરી ઝડપાયા બાદ બે દિવસ પહેલા મોરબી નજીક નકલી ટોલનાકુ ઝડપાયુ, તો કેન્દ્રીય મંત્રી રૂપાલાનાં નકલી પીએ પણ પ્રકાશમાં આવ્યા. કોઈ નકલી અધિકારી બનીને ફરે તો કોઈ નકલી ઘી, દૂધ અને દવા પણ નકલી બનાવે. અવારનવાર કોઈને કોઈ વ્યકિત નકલી ડોકટર, અધિકારી કે પદાધિકારી બનીને ફર્યા કરતા હોવાની વિગતો પ્રકાશમાં આવી રહી છે. તેમાં જુનાગઢ માં નકલી ધારાસભ્ય ઝડપાયાનું પણ બહાર આવી રહ્યું છે. સતત બધુ નકલી ઝડપાતું હોય અસલી શું છે તે રાજયની જનતાને ખબર પડતી નથી. આટલા બધા નકલખોરો બેખૌફ ફરી રહ્યા હોય તે બાબત વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતની સરકાર માટે ચિંતાજનક બાબત બનવી જોઈએ નહી તો નકલખોરોની હિંમતમાં વધારો થશે અને રાજયની જનતા છેતરાતી રહેશે.

### ''સ્માઈલ ટ્રેઈન પ્રોગ્રામ'' અંતર્ગત

## સાવરકુંડલામાં બાળકીને જન્મજાત હોઠમાં ખામી હોય વિનામુલ્યે સફળ ઓપરેશન થયું

### બાળકીના પિતાએ આરોગ્ય વિભાગનો આભાર માન્યો

**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૬

સરકારના આરોગ્ય વિભાગ દ્વારા 'Smile Train Programme' અંતર્ગત સાવરકુંડલા તાલુકાના આર.બી.એસ.કે. ટીમ દ્વારા સફળ ઓપરેશન કરવામાં આવ્યુ.

સાવરકુંડલા ગામમાં શ્રીજીનગરમાં રહેતા રૂપલબેન મહેશભાઈ મકવાણાને ત્યાં અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે બેબીનો જન્મ થયેલ અને તેને જન્મજાત ઉપરના હોઠમાં એક બાજુ તૂટેલ જણાયેલ.



આ બાબતની જાણ સાવરકુંડલા આર.બી. એસ.કે. ટીમના ડો. ૠત્વીક પટેલ તથા ડો. મનીષા પટેલને થતાં તેઓએ સરકારની ચાલતી યોજના 'સ્માઈલ ટ્રેઈન પ્રોગ્રામ' અંતર્ગત પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે ઓપરેશન કરાવેલ અને તેનું સફળ ઓપરેશન ફ્રી માં થયેલ.

આ ઓપરેશન માટે બાળકના પિતા મહેશભાઈ મકવાણા એ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. એમ જોશી, આર.સી. એચ.ઓ. ડો. સાલ્વી તાલુકા હેલ્થ ઓફિસર ડો. મીના અને આર.બી.એસ.કે. ટીમના ડોકટર ૠત્વીક પટેલ, મનીષા પટેલ, ફાર્માસિસ્ટ શિવાંગી પંડયા તથા ફિમેલ હેલ્થ વર્કર કાજલ કુકડ, વોર્ડ ફિમેલ હેલ્થ વર્કર મોનાબેન ગૌસ્વામીનો આભાર વ્યકત કરેલ.

આ ઓપરેશન માટે જીલ્લા કક્ષાએથી શાળા આરોગ્ય વિભાગ એમ.કે. બગડા અને બી.કે. શનિસ્વરનો આભાર વ્યકત કરેલ.

## વેરાવળ સીટી પોલીસે બાઈક ચોર ઈસમને ઝડપી લીધો



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૬

વેરાવળ સીટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. મકવાણાની સુચના અન્વયે સર્વેલન્સ સ્કોડનાં પો.સબ.ઈન્સ. આર.આર. રાયજાદા, એ.એસ.આઈ. વી.આર. રાઠોડ, વી.યુ. ચાવડા, પો. હેડ કોન્સ. મયુરભાઈ, મેપાભાઈ, સુનીલભાઈ માંડણભાઈ સહિતનાં પોલીસ સ્ટાફનાં માણસો વેરાવળ સીટી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન એ.એસ.આઈ. વી.આર. રાઠોડ, પો. હેડ કોન્સ મયુરભાઈ મેપાભાઈ, સુનીલભાઈ માંડણભાઈને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે વેરાવળ, મેરીટાઈમ બોર્ડની ઓફીસ પાસેથી રાહુલ જેન્તીભાઈ પરમાર રહે. ગલીયાવડ, ગામ દેવીપુજક વાસ તા. તાલાળા વાળા નંબર પ્લેટ વગરની હિરો કંપની સ્પ્લેન્ડર પ્લસ જેના એન્જીન એચ.એ. ૧૦ એ.જી.જે. ૫ સી.૧૪૫૩૪ તથા ચેસીસ નંબર એમ.બી.એલ.એચ.એ.આર. ૦૭૫જેપસી૦૯૪૦૫ની મજકુર પાસે તેના હવાલાનાં મોટર સાયકલનાં આર.ટી.ઓ.ને લગત કાગળો કે આધાર પુરાવા નહી હોવાનું જણાવેલ હોય અને ફરતા ફરતા જવાબો આપેલ હોય અને મો.સા. બાબતે કોઈ સંતોષકારક જવાબ આપેલ ન હોય જેથી મજકુર ઈસમએ ઉપરોકત મો.સા. ચોરી છુપીથી કે છેતરપીંડીથી મેળવેલ હોવાનું જણાતું હોય જેથી આ ઈસમ પાસેથી મળી આવેલ મો.સા.ની કિં.રૂા. ૨૫૦૦૦/– ગણી સી.આર.પી.સી. કલમ–૧૦૨ મુજબ શક પડતી મિલ્કત તરીકે કબ્જે કરી આ બાઈક ચોર ઈસમ વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ–૪૧(૧)ડી મુજબની ધોરણસર કાર્યવાહી કરવામાં આવી હતી.

### બુધ્ધિજીવીઓ માટે વિચાર માંગી લે તેવો પ્રશ્ન

## સાવરકુંડલા : શાળામાં બાળકો સફાઈ કાર્ય કરે તો સૌ નારાજ બને અને જાહેર સ્થળોએ એજ કાર્ય થાય તો શાબાશી

### સભ્ય સમાજનાં જાગૃત નાગરિકોએ દરમિયાનગીરી કરવી જરૂરી





**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૬

આ એક ખૂબ જ વિચારતા કરી મૂકે તેવો મુદ્દો છે. વડાપ્રધાન મોદી દ્વારા સારાયે દેશમાં સ્વચ્છતા સફાઈને એક ઝુંબેશ બનાવી દેવામાં આવી છે. હવે ખાસ વિચારશીલ બાબતે છે કે આ સ્વચ્છતા સફાઈ ઝુંબેશ બાબતે સ્થળ પ્રમાણે આપણા બધાના નજરીયા બદલાઈ જાય છે. કોઈપણ શાળામાં જો વિદ્યાર્થીઓ પોતાના જ વર્ગખંડ કે પોતાના રમત ગમતના મેદાનની સાફ–સફાઈ કરતા નજરે પડે તો બની બેઠેલા જાગૃત સામાજિક કાર્યકરો તરત જ પોતાના મોબાઈલમાં વિડિયો, ફોટા કેપ્ચર કરી તમામ મીડિયામાં ચગાવી દેશે અને આ સફાઈ અભિયાનને નામ આપી દેવામાં આવે છે મજૂરી–વૈતરૂ. શાળાના આચાર્ય કે શિક્ષક પાસે આ બાબતે માફી પણ મંગાવવામાં આવે છે.

હવે બીજું દ્રશ્ય જોઈએ કે આ જ શાળાના બાળકો હાથમાં સાવરણો, પાવડા, તગારા લઈ ગામનું સ્મશાન કે જાહેર બગીચો કે કોઈપણ જાહેર રોડ ઉપર સફાઈ, સ્વચ્છતાનું કામ શરૂ કરે અને વળી તે અભિયાન શાળાના આચાર્યના માર્ગદર્શન નીચે જ ચાલતું હોય તો વળી તરત જ ત્યાં તેના તે જ સામાજિક કાર્યકર પોતે પણ બાળકો સાથે ફોટો ખેંચવા હાથમાં સાવરણો લઈ ઊભા રહી જાય અને બીજે દિવસે તમામ મીડિયામાં મોટા હેડિંગમાં ફોટા સાથે સમાચાર આવે કે શાળાના બાળકોએ રાષ્ટ્રીય સફાઈ અભિયાનમાં શ્રમદાન કરી રાષ્ટ્ર પ્રત્યે પોતાનો નોંધનીય ફાળો આપ્યો.

આ બંને બાબતો ગળે ઉતરે તેવી નથી. પોતાની જ શાળામાં જયાં માં સરસ્વતી બિરાજમાન છે, જ્ઞાન મેળવવાનું છે ત્યાં ચોખ્ખાય, સાફ–સફાઈ રાખવા માટે વિદ્યાર્થીઓ જાત મહેનત કરે તો જાણે આચાર્ય, શિક્ષકે મોટો અપરાધ કરી નાખ્યો હોય તેવું વર્તન ગામ લોકો દ્વારા કે સામાજિક કાર્યકરો દ્વારા કરવામાં આવે છે. સ્થળ પ્રમાણે આપણે નજરીયા કેમ અલગ અલગ હોય છે..?!ગામમાં જાહેર સાર્વજનિક જગ્યાએ સ્વચ્છતા અભિયાન.. પણ પોતાની જ શાળા પોતાનો જ વર્ગખંડની સાફ સફાઈ, મજૂરી – વૈતઢં...?!!

**''અમરેલી એકસપ્રેસ''**

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


**ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ**

મેડીકલેઈમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















### લોકસભામાં જમ્મુ અને કાશ્મીર અંગેના બે બીલ પસાર

# ૩૭૦મી કલમ જમ્મુ-કાશ્મીરમાં ૪૫૦૦૦ લોકોના મૃત્યુ માટે જવાબદાર : અમિત શાહ

## લોકસભામાં કેન્દ્રીય પ્રધાનના કોંગ્રેસ પર આકરા પ્રહાર, ૭૦ વર્ષથી અન્યાય, અપમાન અને અવગણના કરાયેલા લોકોને ન્યાય આપવાનું બિલ હોવાનો શાહનો દાવો

નવી દિલ્હી, તા.૬

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મંગળવારે સંસદના શિયાળુ સત્રના બીજા દિવસે જમ્મુ અને કાશ્મીર આરક્ષણ (સુધારા) બિલ, ૨૦૨૩ અને જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) બિલ, ૨૦૨૩ લોકસભામાં વિચારણા માટે રજૂ કર્યા હતા.જે બન્ને બિલ પસાર થઈ ગયા હતા. આજે કેન્દ્રીય ગૃહ મંત્રીએ લોકસભામાં જમ્મુ અને કાશ્મીર આરક્ષણ (સુધારા) બિલ-૨૦૨૩ પર તેમના વિચારો રજૂ કર્યા.તેમણે કહ્યું, ’હું જે બિલ લાવ્યો છું (જમ્મુ અને કાશ્મીર રિઝર્વેશન એમેન્ડમેન્ટ એક્ટ ૨૦૨૩ અને જમ્મુ કાશ્મીર રિઝર્વેશન એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૩) ૭૦ વર્ષથી અન્યાય, અપમાન અને અવગણના કરાયેલા લોકોને ન્યાય આપવાનું છે. બિલ.’

કાશ્મીરના ઈતિહાસ પર ચર્ચા કરતા અમિત શાહે કોંગ્રેસને આડે હાથ લીધી હતી. તેમણે કહ્યું કે જ્યારે તેઓ (કાશ્મીરી પંડિતો) વિસ્થાપિત થયા ત્યારે તેમને પોતાના દેશમાં શરણાર્થી બનવું પડ્યું.

આજના આંકડાઓ મુજબ, ૪૬,૬૩૧ પરિવારો અને ૧,૫૭,૯૬૭ લોકો પોતાના જ દેશની અંદર વિસ્થાપિત થયા હતા અને એવી રીતે વિસ્થાપિત થયા હતા કે તેમના દેશ અને રાજ્યમાંથી તેમના મૂળ ઉખડી ગયા હતા. આ બિલ તેમને અધિકાર આપવા, પ્રતિનિધિત્વ આપવા માટે છે.

કલમ ૩૭૦ નાબૂદ કરવા પર અમિત શાહે કહ્યું, "કોણ કહે છે કે કલમ ૩૭૦ નાબૂદ થયા પછી શું થયું? ૫-૬ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ મોદીજીએ તેમનો (કાશ્મીરીઓનો) અવાજ સાંભળ્યો જે વર્ષોથી સાંભળવામાં આવ્યો ન હતો અને આજે તેમને મળી ગયો. તેમના અધિકારો.

કેન્દ્રીય મંત્રીએ ગૃહમાં વધુમાં કહ્યું, "કેટલાક લોકો પૂછી રહ્યા હતા કે વિસ્થાપિત કાશ્મીરી પંડિતોને આરક્ષણ આપવાથી શું થશે. કાશ્મીરી પંડિતોને અનામત આપવાથી, કાશ્મીર વિધાનસભામાં તેમનો અવાજ ગુંજશે અને જો વિસ્થાપનની સ્થિતિ ફરી ઉભી થશે. , તેઓ તેને રોકશે."

ભારત-પાકિસ્તાન યુદ્ધ અને આતંકવાદનો ઉલ્લેખ કરતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, "એક અર્થમાં કાશ્મીરમાં ત્રણ યુદ્ધો થયા હતા! ૧૯૪૭માં પાકિસ્તાને કાશ્મીર પર આક્રમણ કર્યું હતું; આ દરમિયાન ૩૧,૦૦૦ થી વધુ પરિવારો વિસ્થાપિત થયા હતા.

ઉલ્લેખનીય છે કે ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધમાં ૧૦,૦૬૫ પરિવારો વિસ્થાપિત થયા હતા. ૧૯૪૭, ૧૯૬૫ અને ૧૯૬૯ના આ ત્રણ યુદ્ધો દરમિયાન કુલ ૪૧,૮૪૪ પરિવારો વિસ્થાપિત થયા હતા. આ વિધેયક એવા લોકોને અધિકાર આપવાનો, તે લોકોને પ્રતિનિધિત્વ આપવાનો પ્રયાસ છેકૃઅમિત શાહે આડકતરી રીતે રાહુલ ગાંધી પર નિશાન સાધતા કહ્યું કે, "જે લોકો કહેતા હતા કે જમ્મુ-કાશ્મીરમાં શું થયું? તમને તમારું મૂળ વહાલું છે, મૂળ સાથે કોઈ સંપર્ક નથી, તો પછી તે કેવી રીતે નિષ્ફળ જશે કે જમ્મુ અને કાશ્મીરમાં શું થયું. કાશ્મીરમાં બદલાવ? ઈંગ્લેન્ડમાં રજાઓ મનાવ્યા પછી જમ્મુ-કાશ્મીરમાં કોઈ ફેરફાર થયો નથી.

આતંકવાદનો ઉલ્લેખ કરતા અમિત શાહે કહ્યું કે, ૧૯૯૪ થી ૨૦૦૪ વચ્ચે કુલ ૪૦,૧૬૪ ઘટનાઓ બની હતી. સોનિયા ગાંધી અને મનમોહન સિંહના ૨૦૦૪-૧૪ના શાસન દરમિયાન ૭,૨૧૭ ઘટનાઓ બની હતી. ૨૦૧૪ થી ૨૦૨૩ સુધી નરેન્દ્ર મોદી સરકારના શાસનમાં ,આ સમયગાળા દરમિયાન માત્ર ૨,૦૦૦નો ઘટાડો થયો છે, જે ૭૦ ટકાનો ઘટાડો છે.

### રાજ્ય વિધાનસભામાં અનેક સંસદ સભ્યો ચૂંટણી લડ્યા હતા

# વિધાનસભામાં જીતનારા ભાજપના ૧૨ સાંસદોએ રાજીનામા આપ્યા

## ભારતીય જનતા પક્ષે ચાર રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીમાં ૨૧ સાંસદોને ટિકિટ આપી હતી

નવી દિલ્હી, તા.૬

પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના પરિણામ આવ્યા બાદ બીજેપીએ આજે મોટો નિર્ણય લીધો છે. ચૂંટણીમાં જે સાંસદો જીતીને આવ્યા છે તેમણે સંસદની સદસ્યતાથી રાજીનામું આપી દીધુ છે. આજે એવા ૧૨ સાંસદોએ રાજીનામું સોંપી દીધુ છે.

ભાજપે ત્રણ રાજ્યો મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં સરકાર બનાવી છે. જ્યારે તેલંગાણામાં આઠ બેઠકો પર જીત મેળવી છે. બીજેપીએ ચાર રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીમાં ૨૧ સાંસદોને ટિકિટ આપી હતી.

રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં સાત-સાત સાંસદોએ ચૂંટણી લડી હતી. બીજી તરફ છત્તીસગઢમાં ચાર અને તેલંગાણામાં ત્રણ સાંસદોને વિધાનસભામાં ટિકિટ આપવામાં આવી હતી.

હવે બીજેપી હાઈકમાન્ડે વિધાનસભા ચૂંટણી જીતેલા સાંસદો સાથે મુલાકાત કરી અને સંસદ સદસ્યતા છોડવાનો નિર્ણય લીધો છે. પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડા સાથે તમામ સદસ્યો રાજીનામું આપવા માટે સ્પીકર સાથે મુલાકાત કરવા પહોંચ્યા છે.

રાજસ્થાનમાંથી કોણે આપ્યું રાજીનામુઃ - રાજ્યવર્ધન રાઠોડ- દીયા કુમારી- કિરોડી લાલ મીણા (રાજ્યસભા સદસ્ય)

મધ્ય પ્રદેશઃ - નરેન્દ્ર તોમર- પ્રહલાદ પટેલ- રાકેશ સિંહ- રીતિ પાઠક- ઉદય પ્રતાપ સિંહ

છત્તીસગઢઃ - ગોમતી સાઈ- અરૂણ સાવ

મોદી કેબિનેટમાં ત્રણ મંત્રી ઓછા થઈ જશે

રાજીનામું આપનારાઓમાં પ્રહલાદ પટેલ અને નરેન્દ્ર તોમર કેન્દ્રીય મંત્રી છે. બીજી તરફ છત્તીસગઢના સાંસદ અને કેન્દ્રીય મંત્રી રેણુકા સિંહ પણ રાજીનામું આપશે. આમ કેન્દ્રીય કેબિનેટમાં ત્રણ મંત્રીઓ ઓછા થઈ જશે. આ ઉપરાંત રાજસ્થાનના સાંસદ બાબા બાલકનાથ પણ રાજીનામું આપશે. રાજીનામું આપનારા સાંસદોની સંખ્યા ૧૨ હોવાનું કહેવાય છે.

બીજી તરફ ભાજપના સૂત્રોનું કહેવું છે કે, ટૂંક સમયમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં પણ ઓબ્ઝર્વર મોકલવામાં આવશે. આજેસાંજ સુધીમાં અથવા કાલે સવારે નિરીક્ષકો દિલ્હીથી રવાના થશે. ત્રણેય રાજ્યોમાં શનિવાર અને રવિવારે ધારાસભ્ય દળની બેઠક યોજાશે. તેમાં મુખ્યમંત્રીઓના નામનું એલાન કરવામાં આવશે.

રાજીનામું આપ્યા બાદ કેન્દ્રીય મંત્રી પ્રદલાદ પટેલે કહ્યું કે, મેં સંસદના સભ્ય પદેથી રાજીનામું આપી દીધુ છે. ટૂંક સમયમાં મંત્રી પદ પરથી રાજીનામું આપી દઈશ.

### કોંગ્રેસના ધારાસભ્ય ચૂંટણી જીતવા છતાં મુશ્કેલીમાં મૂકાયા

# ભાજપને મ.પ્ર.માં ૫૦ બેઠકની ચેલેન્જ આપનારા ફુલસિંહ બરૈયા મોં કાળું કરાવશે

## બરૈયા આ ચેલેન્જ પૂરી કરવા એકલામાં કે પોતાના ઘરે મોં કાળું નહીં કરે, તેઓ જાહેરમાં પોતાનુ મોં કાળું કરશે

ભોપાલ, તા.૬

નવા ચુંટાયેલા અને ચર્ચિત ધારાસભ્ય ફુલ સિંહ બરૈયા મધ્યપ્રદેશની ચૂંટણીમાં જીતી જવા છતાં મોટી મુશ્કેલીમાં મૂકાયા છે. હવે તેમણે મોં કાળું કરવાનો વારો આવ્યો છે.

ઘટના કંઈક એવી છે કે તેમણે ચૂંટણી પહેલાં ચેલેન્જ આપી હતી કે ભાજપને મધ્યપ્રદેશમાં ૫૦ જેટલી બેઠક પણ નહીં મળે અને જો આવું થશે તો તેઓ જાહેરમાં પોતાનું મોં કાળું કરશે. જોકે આ ચેલેન્જ ફેલ થઈ જતાં તેમણે હવે પોતાનું મોં કાળું કરવું પડશે. અગાઉ તેઓ બસપના પ્રદેશ અધ્યક્ષ હતા અને હવે લાંબા સમયથી તેઓ કોંગ્રેસ સાથે જોડાયેલા છે. આ વખતે તેઓ ચૂંટણી લડી રહ્યા હતા અને ભાંડેર સીટથી ચૂંટણી જીતી પણ ગયા. જોકે ભાજપની આંધીમાં કોંગ્રેસનો કારમો પરાજય થયો. જોકે બરૈયાના જીતવા છતાં તેમની ચેલેન્જ ફેલ ગઈ અને હવે મોં કાળું કરવાનો વારો આવ્યો છે. હવે બરૈયા આ ચેલેન્જ પૂરી કરવા એકલામાં કે પોતાના ઘરે મોં કાળું નહીં કરે. તેઓ જાહેરમાં પોતાનુ મોં કાળું કરશે. તેમણે તેના માટે સમય પણ જણાવી દીધો છે. કોંગ્રેસ ધારાસભ્ય ફુલ સિંહ ૭ ડિસેમ્બરે બપોરે ૨ વાગ્યે ભોપાલમાં રાજભવન સામે પોતાના મોં પર કાળો કૂચડો ફેરવવાની જાહેરાત કરી દીધી છે. તેમણે ચેલેન્જ આપી હતી કે ભાજપને રાજ્યમાં ૫૦થી વધુ પણ સીટો નહીં મળે.

ફૂલ સિંહે બરૈયાએ આ મામલે કહ્યું કે હું મારા નિવેદન પર અડગ છું. હું ભાજપનો નેતા નથી જે મારી વાતથી ફરી જઉં. બરૈયાએ કહ્યું કે લોકશાહી બચાવવા માટે હું લોહીથી મારો ચહેરો પણ લાલ કરી શકું છું. અમને બેલેટ પેપરમાં ૯૦ ટકા મત મળ્યા છે. ઈવીએમમાંહારી ગયા. ભાજપે ચૂંટણીને મત અને નોટોનો મુદ્દો બનાવી દીધો. અમને ઈફસ પર વિશ્વાસ નથી. હારનું કારણ ઈવીએમ છે. નરોત્તમ મિશ્રાએ પેટાચૂંટણીમાં મને ગાળો આપીને ચૂંટણી પ્રચાર શરૂ કર્યો હતો. લોકશાહીનું ગળું દબાવવામાં આવ્યું હતું તેથી હું તેમને ચૂંટણીમાં હરાવવા મક્કમ હતોપ અને મેં તેમને ચૂંટણીમાં પરાજિત કર્યા.

### ફોર્બ્સની પાવરફૂલ મહિલાઓની વાર્ષિક યાદી બહાર પડી

# વિશ્વની ૧૦૦ શક્તિશાળી મહિલાઓમાં નિર્મલા સિતારમણ સહિત ૪ ભારતીય

## યાદીમાં રોશની નાડર મલ્હોત્રા (રેન્ક ૬૦), સોમા મંડલ (રેન્ક ૭૦) અને કિરણ મજમુદાર શો (રેન્ક ૭૬) નો પણ સમાવેશ

નવી દિલ્હી, તા.૬

નાણામંત્રી નિર્મલા સીતારમણએ ફોબ્સની સૌથી મહિલાઓની યાદીમાં સ્થાન મેળવ્યું છે. આ યાદીમાં તેઓ ૩૨માં સ્થાને છે. યાદીમાં અમેરિકી ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ અને સિંગર ટેલર સ્વિફ્ટને પણ સામેલ કરાઈ છે.

આ યાદીમાં ત્રણ અન્ય ભારતીય મહિલાઓને પણ સ્થાન મળ્યું છે. જેમના નામ એચસીએલ કોર્પોરેશનના સીઈઓરોશની નાડર મલ્હોત્રા (રેંક ૬૦), સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરપર્સન સોમા મંડલ (રેંક ૭૦) અને બાયોકોનના સંસ્થાપક કિરણ મજમુદાર શૉ (રેંક ૭૬) સામેલ છે.

ફોર્બ્સની પાવરફૂલ મહિલાઓની વાર્ષિક યાદીમાં દુનિયાની ૧૦૦ સૌથી શક્તિશાળી મહિલાઓમાં યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વૉન ડેર લેયેન ટોચના સ્થાને રહ્યા છે. તેમના પછી યુરોપિયન સેન્ટ્રલ બેંકના બોસ ક્રિસ્ટિન લેગાર્ડ બીજા ક્રમે રહી છે જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ કમલા હેરિસ આ યાદીમાં ત્રીજા સ્થાને છે.

### સતત ત્રીજા દિવસે બજારમાં તેજીનો માહોલ

# સેન્સેક્સમાં ૩૫૮ અને નિફ્ટીમાં ૮૨ પોઇન્ટનો વધારો નોંધાયો

મુંબઈ, તા.૬

બુધવારે સતત ત્રીજા દિવસે શેરબજારનો કારોબાર ધડાકા સાથે સમાપ્ત થયો. મ્જીઈ સેન્સેક્સ ૩૫૮ પોઈન્ટ વધીને ૬૯૬૫૩ ના સ્તરે બંધ થયો હતો જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૮૨ પોઈન્ટ વધીને ૨૦૯૩૭ ના સ્તર પર બંધ થયો હતો. નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ,નિફ્ટી આઈટીમાં વધારો નોંધાયો છે જ્યારે નિફ્ટી બેંક ઈન્ડેક્સ મામૂલી નબળાઈ સાથે બંધ થયા છે. શેરબજારમાં વિપ્રો, એલટીઆઈ માઈન્ડ ટ્રી, આઈટીસી અને લાર્સન એન્ડ ટુબ્રોના શેર ઉછળીને બંધ થયા હતા જ્યારે અદાણી એન્ટરપ્રાઈઝ, આઈશર મોટર્સ, સિપ્લા અને એનટીપીસીના શેરમાં નબળાઈ નોંધાઈ હતી.

બુધવારે શેરબજારના ટ્રેડિંગ દરમિયાન, લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનના શેરમાં લગભગ ૪.૪૭ ટકાનો વધારો નોંધાયો હતો જ્યારે આઈટીસી, ઈરડા, ઈન્ડિયન ઓઈલ, પંજાબ નેશનલ બેંક, ગેઈલ ઈન્ડિયા, ચેમ્બાઉન્ડ કેમિકલના શેરમાં વધારો નોંધાયો હતો.

ગલ્ફ ઓઈલ લુબ્રિકન્ટ્સ, કજરિયા સિરામિક્સ, બંધન બેંક અને વોકહાર્ટ લિમિટેડના શેર નબળાઈ પર બંધ થયા હતા. મલ્ટિબેગર રિટર્ન આપતા શેરોની વાત કરીએ તો ઓમ ઈન્ફ્રા, ટાટા મોટર્સ, જિયો ફાઈનાન્શિયલ, પટેલ એન્જિનિયરિંગ, સ્ટોવ ક્રાફ્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, દેવયાની ઈન્ટરનેશનલ, ગતિ લિમિટેડ, યુનિ પાર્ટ્સ ઈન્ડિયાના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે કામધેનુ લિમિટેડ અને એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં નબળાઈ જોવા મળી હતી. ના શેરમાં નોંધાઈ હતી.

બુધવારે શેરબજારે નવો રેકોર્ડ ઉંચો બનાવ્યો છે. બીએસઈસેન્સેક્સ સતત ત્રીજા દિવસે ૩૫૮ પોઈન્ટ વધીને બંધ થયો હતો જ્યારે નિફ્ટી ૨૧૦૦૦ની નજીક પહોંચી ગયો હતો. વિપ્રોના શેરમાં ૪ ટકા અને આટીસીના શેરમાં ૧ ટકાનો વધારો નોંધાયો હતો. બુધવારે શેરબજારના રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૨.૧૭ લાખ કરોડનો વધારો થયો છે. બુધવારે ગૌતમ અદાણી ગ્રૂપની નવ લિસ્ટેડ કંપનીઓમાંથી ૬ના શેરમાં વધારો નોંધાયો હતો અને અદાણી ટોટલ ગેસના શેર ૨૦ ટકાના વધારા સાથે બંધ થયા હતા. અંબુજા સિમેન્ટ, અદાણી એન્ટરપ્રાઈઝ અને એસીસી લિમિટેડમાં થોડી નબળાઈ નોંધાઈ હતી.

### નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અહેવાલમાં ચોંકાવનારો ખુલાસો

# કોરોના બાદ ખેડૂતો કરતા ખેત મજૂરોની આત્મહત્યામાં વધારો થયો

## ખેડૂતોની આત્મહત્યા કરતાં ખેતમજૂરોની વધુ આત્મહત્યાનો ટ્રેન્ડ ૨૦૨૦ પછી જ શરૂ થયો હોવાનો આંકડા પરથી ખુલાસો થયો

નવી દિલ્હી, તા.૬

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (એનસીઆરબી)ના રિપોર્ટ અનુસાર, ૨૦૧૮ અને ૨૦૨૨ વચ્ચે ભારતમાં ખેતી સાથે સંકળાયેલા લોકોની આત્મહત્યામાં સતત વધારો થયો છે. તેમાં એકમાત્ર અપવાદ વર્ષ ૨૦૧૯ છે, જેમાં ઘટાડો નોંધવામાં આવ્યો હતો. એક અહેવાલ મુજબ, કોવિડ-૧૯ રોગચાળા પછીના બે વર્ષમાં ખેતમજૂરોમાં આત્મહત્યાની સંખ્યા ખેડૂતો કરતા ઘણી વધારે છે.

સોમવારના એનસી આરબીના રિપોર્ટ મુજબ ૨૦૨૨માં ભારતમાં કૃષિક્ષેત્રમાં ૧૧,૨૯૦ આત્મહત્યા થઈ. ૨૦૨૧માં ૧૦,૮૮૧ આત્મહત્યા થઈ. જે ૨૦૨૧માં નોંધાયેલા ૧૦,૮૮૧ આત્મહત્યા કરતાં ૩.૭૫ ટકા વધુ છે. ૨૦૨૨માં આ પીડિતોમાંથી ૫૨૦૭ ખેડૂતો અને ૬૦૮૩ ખેતમજૂરો હતા. ૨૦૨૧માં, સંબંધિત સંખ્યા ૫૩૧૮ ખેડૂતો અને ૫૫૬૩ ખેત મજૂરો હતા. ખેડૂતોની આત્મહત્યા કરતાં ખેતમજૂરોની વધુ આત્મહત્યાનો ટ્રેન્ડ ૨૦૨૦ પછી જ શરૂ થયો હતો. ૨૦૨૦માં કૃષિ ક્ષેત્રમાં થયેલી ૧૦,૬૭૭ આત્મહત્યાઓમાંથી ૫૫૭૯ ખેડૂતો અને ૫૦૯૮ ખેતમજૂરો હતા.

૨૦૧૯ એ એકમાત્ર વર્ષ હતું જ્યારે કૃષિ ક્ષેત્રમાં આત્મહત્યામાં ઘટાડો નોંધવામાં આવ્યો હતો. તે વર્ષે ૫૯૫૭ ખેડૂતો અને ૪૩૨૪ ખેતમજૂરોએ પોતાના જીવનનો અંત આણ્યો હતો. ૨૦૧૮માં ૫૭૬૩ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી અને એનસીઆરબીરિપોર્ટમાં ખેડૂતો અને ખેત મજૂરોની વ્યાખ્યા દર્શાવવામાં આવી નથી. ઓપરેટિંગ હોલ્ડિંગનો ઉપયોગ સીમાંત, નાના, મધ્યમ અને મોટા મજૂરો વચ્ચે તફાવત કરવા માટે થાય છે. ૧ હેક્ટર (૨.૫ એકર) સુધીની જમીન ધરાવતા ખેડૂતોને સીમાંત ખેડૂતો કહેવામાં આવે છે, જ્યારે નાના ખેડૂતો પાસે ૧-૨ હેક્ટર સુધીની જમીન હોય છે. ભારતની ૨૦૧૫-૧૬ની કૃષિ વસ્તી ગણતરી મુજબ ૬૮.૫ ટકા જમીન સીમાંત ખેડૂતો પાસે હતી, જ્યારે ૧૭.૬ ટકા જમીન નાના ધારકો પાસે હતી. બાકીની રકમ મધ્યમ અને મોટા ખેડૂતો વચ્ચે વહેંચવામાં આવી હતી.

### ચૂંટણી રણનીતિકારે ભાજપ સામે વિજય માટે વિપક્ષોને સલાહ આપી

# ભાજપને પરાસ્ત કરવા વિપક્ષોએ ભાજપની તાકાત સમજવી પડશે : પ્રશાંત કિશોર

## હિન્દુત્વ સાથે સંકળાયેલો એક મોટો વર્ગ ભાજપને એટલા માટે વોટ આપે છે કેમ કે તેમને ભાજપની હિન્દુત્વની વિચારધારા પર વિશ્વાસ

નવી દિલ્હી, તા.૬

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, તેલંગાણાની વિધાનસભા ચૂંટણી ઓમાં ત્રણ રાજ્યોમાં ભાજપની બમ્પર જીતના ચાર મોટાં કારણ જણાવ્યાં છે.

પ્રશાંત કિશોરે કહ્યું કે ભાજપને વિપક્ષી દળો પરાજિત કરવા તો માગે છે પણ તેમણે સૌથી પહેલાં એ સમજવું પડશે કે ભાજપની તાકાત શું છે?

ભાજપની જીતના ચાર કારણ

પ્રથમ કારણઃ દરભંગાના સિંહવાડામાં પત્રકારો સાથેની વાતચીતમાં પ્રશાંત કિશોર (પીકે) એ કહ્યું કે ભાજપને વોટ મળવાના ૪ કારણો છે.

જેમાં પ્રથમ હિન્દુત્વ છે જે તેમની એક વિચારધારા છે. હિન્દુત્વ સાથેસંકળાયેલો એક મોટો વર્ગ ભાજપને એટલા માટે વોટ આપે છે કેમ કે તેમને ભાજપની હિન્દુત્વની વિચારધારા પર વિશ્વાસ છે.

બીજું કારણઃ ન્યૂ રાષ્ટ્રવાદને બીજું કારણ ગણાવતાં પ્રશાંત કિશોરે કહ્યું કે ગામડા અને દેહાતના લોકો સાંભળે છે કે ભારત વિશ્વગુરુ બની ગયો છે, સમગ્ર વિશ્વમાં ભારતની શાન મોદીએ વધારી દીધી છે. આ રાષ્ટ્રવાદની ભાવનાને લીધે પણ ભાજપને વોટ મળે છે.

ત્રીજું કારણઃ કેન્દ્ર દ્વારા લવાયેલી યોજનાઓનો ઉલ્લેખ કરતાં પ્રશાંત કિશોરે કહ્યું કે એક મોટો વર્ગ કેન્દ્રની યોજનાઓના લાભાર્થીઓનો છે.

જેમાં ખેડૂત સન્માન યોજના અને આવાસ યોજનાની રકમ સીધી કેન્દ્ર સરકાર લાભાર્થીઓને મોકલી રહી છે.

ચોથું કારણઃ પ્રશાંતકિશોરે ભાજપના વિજય માટે ચોથું કારણ સંગઠનને ગણાવ્યું છે. તેમણે કહ્યું કે ભાજપનું પોતાનું સંગઠન છે. તેની જે સંગઠનાત્મક અને આર્થિક તાકાત છે તેનાથી પણ ઘણો ફેર પડે છે.

પ્રશાંત કિશોરે વિપક્ષી દળોને કહ્યું કે જ્યાં સુધી તમે ભાજપની તાકાતને સારી રીતે સમજીને તેમના કરતાં વધારે શ્રેષ્ઠ પ્રયાસ નહીં કરો ત્યાં સુધી લોકો તમારા પર વિશ્વાસ નહીં કરે અને તમને વોટ પણ નહીં આપે. ભાજપને જે વોટ મળે છે તે મોદીનો ગ્રાફ ઉપર-નીચે થવાથી નથી મળતાં. તેમણે કહ્યું ફક્ત મોદીની લોકપ્રિયતાના આધારે ભાજપ જીતી રહ્યો નથી.

ભાજપને હરાવવા માટે તમારી પાસે તેના કરતાં શ્રેષ્ઠ મોડેલ જરૂરી છે. તેમણે કહ્યું કે આ કારણો પર તમે પ્રયાસ નહીં કરો તો તમારે ૧૦માંથી ૭ કે ૮ ચૂંટણીમાં પરાજયનો સામનો કરવો પડશે.

એક બે જગ્યાએ જીતી પણ જશો તેની કોઈ ખાસ અસર થવાની નથી. લોકો કેસીઆર વિરુદ્ધ વોટ આપવા માગતા હતા અને ત્યાં પક્ષ તરીકે કોંગ્રેસની જ હાજરી હતી એટલે કોંગ્રેસને વોટ મળ્યાં. આ ઈનકમ્બન્સીનો વોટ છે.

### રાજકોટના વિંછિયા, કોટડા સાંગાણીમાં પોલીસના દરોડા

# ૧૧૬ નશાકારક સીરપની બોટલો પોલીસે જપ્ત કરી

## નડિયાદમાં સીરપકાંડમાં કેસમાં વધુ એકનું મોત થયું છે, આ સાથે જ મોતનો આંકડો ૬ પર પહોંચી ગયો

રાજકોટ, તા.૬

રાજકોટના વિંછિયા, કોટડા સાંગાણીમાંથી નશાકારક સીરપની બોટલનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો. મળતી જાણકારી અનુસાર, વીંછિયા અને કોટડા સાંગાણીમાં રાજકોટ ગ્રામ્ય એસઓજીએ દરોડા પાડીને સીરપનો જથ્થો જપ્ત કર્યો હતો. વીંછીયામાં પ્રિયાંશી પાનની દુકાનમાંથી પોલીસે નશાકારક સીરપની ૭૯ બોટલ તો કોટડા સાંગાણીના હરપાલ કોલ્ડ્રીંક્સમાંથી ૩૭ સીરપની બોટલ મળી આવી હતી. બંને જગ્યાથી કુલ ૧૭ હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. નડિયાદમાં સીરપકાંડમાં કેસમાં વધુ એકનું મોત થયું છે. આ સાથે જ મોતનો આંકડો ૬ પર પહોંચી ગયો. કિશન કરીયાણા સ્ટોરના માલિક અને આરોપીના પિતાનું જ આ કેસમાં મૃત્યુ થયું છે. સિવિલ હોસ્પિટલમાં સાકર સોઢાનું મૃત્યુ છે. ૭૨ વર્ષીય દર્દી છેલ્લા સાત દિવસથી વેન્ટિલેટર ઉપર સારવાર હેઠળ હતા. કરિયાણાના માલિક નારણ સોઢા હાલ આરોપી છે. હજુ પણ આ કેસમાં બે દર્દીઓની સારવાર ચાલી રહી છે. છેલ્લા કેટલાય સમયથી રાજ્યમાં ચર્ચિત બનેલા સિરપ કાંડમાં મોટુ અપડેટ સામે આવ્યુ છે. હાલમાં જ મળતી માહિતી પ્રમાણે, ખેડા જિલ્લામાં થયેલા સિરપ કાંડમાં અત્યાર સુધી કુલ ૬ વ્યક્તિઓનું મોત થઈ ચૂક્યુ છે, અને અન્ય કેટલાક લોકો સારવાર હેઠળ છે, હાલમાં માહિતી છે કે, નડિયાદ સિરપ કાંડમાં વધુ એક વ્યકિતની તબિયત લથડી છે. ૪૦ વર્ષીય યુવકને સારવારમાં અમદાવાદ હૉસ્પિટલ ખસેડાયો. ખાસ વાત છે કે, સિરપ કાંડનો ભોગ બનનાર ત્રણ દર્દીઓ સિવિલ હૉસ્પીટલમાં સારવાર લઈ રહ્યાં છે. આમાં વૃદ્ધની હાલતમાં હજુ સુધી કોઈ આવ્યો નથી. આ દર્દી કરિયાણા સ્ટૉરનો માલિક છે, અને તેના પિતાના વેન્ટિલેટર પર છે. સાથે સાથે આ સિરપ કાંડમાં ૩૫ વર્ષીય અમિત સોઢાની હાલત સુધારા પર આવી છે. ઝેરીલા સિરપનું વડોદરા કનેકશન સામે આવ્યું છે. યોગેશ સિંધીએ વડોદરાથી સિરપ ખરીદ્યું હતું. વડોદરામાં જે વ્યક્તિ પાસેથી સિરપ ખરીદ્યું હતું તેની પણ તપાસ શરૂ છે. ખેડા એસપી રાજેશ ગઢીયાએ ઝેરીલા સિરપથી ૫ લોકાનાં મોતની પુષ્ટી કરી છે. તેમણે જે પણ લોકોને આ સિરપની અસર હોય તેમને સિવિલનો સંપર્ક સાધવા અપીલ કરી હતી. કરિયાણાની દુકાન પાસેથી મળેલી સિરપની ખાલી બોટલોના સેમ્પલ હ્લજીન્મા મોકલવામાં આવ્યા છે. સિરપ મોકલનારા વડોદરાના બે લોકો પર અગાઉ રાજકોટમાં ફરિયાદ નોંધાઈ ચુકી છે. કિશોર અને ઈશ્વર નામના બે વ્યક્તિઓ કરિયાણાની દુકાનમાં સિરપ વેચતા હતા. આ કેસમાં નિતિન કોટવાણી નામના સિરપ માફીયા સહિત પાંચ સામે ગુનો પણ નોંધાયો છે.

### ત્રણ રાજ્યોમાં ભાજપનો શાનદાર વિજય

# રાજસ્થાન, છત્તીસગઢ, મ.પ્ર.ના સીએમને લઈને ભાજપમાં ભારે અવઢવ

## ભાજપ નવા ચહેરાઓને મુખ્યમંત્રી બનાવી શકે છે અથવા ત્રણેય રાજ્યોમાં બિન-ધારાસભ્યને પણ મુખ્યમંત્રી બનાવી શકે છે

નવી દિલ્હી, તા.૬

મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપની જીત બાદ મુખ્યમંત્રી પદ માટે મંથન ચાલી રહ્યું છે. દરમિયાન સૂત્રોએ જણાવ્યું હતું કે ભાજપ નવા ચહેરાઓને મુખ્યમંત્રી બનાવી શકે છે. સૂત્રોએ જણાવ્યું કે ત્રણેય રાજ્યોમાં બિન-ધારાસભ્યને પણ મુખ્યમંત્રી બનાવી શકે છે.ભાજપે વિધાનસભા ચૂંટણીમાં મુખ્યમંત્રીપદના ચહેરાની જાહેરાત કરી નથી. પાર્ટીએ રાજસ્થાન અને છત્તીસગઢમાં જીત મેળવીને કોંગ્રેસના હાથમાંથી સત્તા છીનવી લીધી છે. જ્યારે મધ્યપ્રદેશમાં પહેલાથી જ શિવરાજ સિંહ ચૌહાણના નેતૃત્વમાં સરકાર છે. પાર્ટીએ અહીં મોટી જીત હાંસલ કરી છે.મુખ્યમંત્રી ચહેરા અંગે શિવરાજ સિંહ ચૌહાણ કહે છે કે પાર્ટી અમને જે પણ જવાબદારી આપે છે અમે તેને પૂરી કરીએ છીએ. તાજેતરમાં, એબીપી ન્યૂઝ સાથે વાત કરતી વખતે, તેમણે કહ્યું, "હું માનું છું કે જે પોતાના વિશે વિચારે છે તે સારો કાર્યકર નથી. એક કાર્યકર તરીકે, અમને જે પણ કામ આપવામાં આવે છે... કાર્પેટ બિછાવવાથી લઈને સફાઈ અને સરકાર ચલાવવા સુધી, અમે તે કરીએ છીએ અને કરીશું. જ્યારે રાજસ્થાનમાં ઝાલરાપાટન બેઠક પરથી વિધાનસભા ચૂંટણી જીતનાર મુખ્યમંત્રી વસુંધરા રાજે, કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, અર્જુન મેઘવાલ, બાબા બાલકનાથ અને દિયા કુમારીના નામની અટકળો ચાલી રહી છે. વસુંધરા રાજે આ પહેલા પણ રાજ્યના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે.રાજસ્થાનના નવા મુખ્યમંત્રી અંગેની અટકળો વચ્ચે ૪ ડિસેમ્બરે ભાજપના લગભગ ૨૫ ધારાસભ્યો પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેને મળ્યા હતા. વસુંધરા રાજેની ધારાસભ્યો સાથેની મુલાકાતને શક્તિ પ્રદર્શન તરીકે જોવામાં આવી રહી છે.

છત્તીસગઢમાં પણ મુખ્યમંત્રી પદને લઈને અનેક અટકળો લગાવવામાં આવી રહી છે. આને ધ્યાનમાં રાખીને તાજેતરમાં પ્રદેશ અધ્યક્ષ અને સાંસદ અરુણ સાઓ, પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી રમણ સિંહ અને રાજ્ય માટે પાર્ટીના સહ-પ્રભારી નીતિન નબીને બેઠક યોજી હતી.

### ભાજપે તમામ ૧૦ બેઠકો પર જીત મેળવી

# મહેસાણા : કડી APMCમાં BJPનો ભગવો લહેરાયો

## મહેસાણા જિલ્લામાં ચૂંટણી નાની હોય કે મોટી પરંતુ અહીં રાજકારણ જાણે કે ગરમ જ રહેતુ હોય છે

મહેસાણા, તા.૬

મહેસાણાના કડી માર્કેટ યાર્ડની ૧૦ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. ભાજપે તમામ ૧૦ બેઠકો પર જીત મેળવી છે. આમ ભાજપે ફરી એકવાર કડી માર્કેટયાર્ડમાં ભાજપની સત્તા યથાવત રહી છે. આમ તો સામાન્ય રીતે કડી માર્કેટયાર્ડમાં ચૂંટણી બીનહરીફ રહેતી હોય છે. પરંતુ આ વખતે ૯૦ ઉમેદવારો મેદાને પડતા ચૂંટણી પ્રક્રિયા યોજાઈ હતી.

મહેસાણા જિલ્લામાં ચૂંટણી નાની હોય કે મોટી પરંતુ અહીં રાજકારણ જાણે કે ગરમ જ રહેતુ હોય છે. કડી માર્કેટયાર્ડની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપે ફરીથી સત્તા હાંસલ કરી છે. કડી માર્કેટયાર્ડમાં ફરી એકવાર રાજ્યના પૂર્વ નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ ઉમેદવાર બન્યા હતા. તેઓ બીનહરીફ રીતે ચૂંટાઈ આવ્યા હતા. જોકે ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે ૯૦ ઉમેદવારો મેદાને આવતા રાજકારણ ગરમાયુ હતુ. અહીં ચૂંટણીને બદલે બીનહરીફની પરંપરા જાળવી રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે આમ છતાં કેટલાકે ઉમેદવારી કરી હતી. જોકે આખરે સમર્થન જાહેર કરવામાં આવ્યુ હતુ. ચૂંટણીના બુધવારે પરીણામો આવ્યા છે અને જેમાં ભાજપ પ્રેરિત પેનલનો વિજય તમામ બેઠકો પર થયો છે

### એનિમલ બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી રહી છે


# એનિમલ ફિલ્મનું કુલ કલેક્શન ૨૮૩.૬૯ કરોડ

## રણબીર કપૂર સ્ટારર ફિલ્મ એનિમલ ૧ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે, ફિલ્મને દર્શકોનો ઘણો પ્રેમ મળી રહ્યો છે

મુંબઈ, તા.૬

રણબીર કપૂર સ્ટારર ફિલ્મ 'એનિમલ' ૧ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. ફિલ્મને દર્શકોનો ઘણો પ્રેમ મળી રહ્યો છે. 'એનિમલ' બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી રહી છે અને દરરોજ નવા રેકોર્ડ બનાવી રહી છે. આ ફિલ્મે અત્યાર સુધી ડોમેસ્ટિક બોક્સ ઓફિસ પર ૨૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે અને એક નવો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે. સેકનિલ્કના રિપોર્ટ અનુસાર, મંગળવારે એટલે કે પમાં દિવસે 'એનિમલ'ના કલેક્શનમાં ઘટાડો જોવા મળ્યો છે.

પ્રારંભિક આંકડાઓ અનુસાર, ફિલ્મે પાંચમા દિવસે અત્યાર સુધીમાં ૩૮.૨ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. આ સાથે ફિલ્મનું કુલ કલેક્શન ૨૮૩.૬૯ કરોડ રૂપિયા થઈ ગયું છે. તમને જણાવી દઈએ કે




૨૮૩.૬૯ કરોડ રૂપિયા સાથે 'એનિમલ' રણબીર કપૂરની બીજી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ બની ગઈ છે. એનિમલએ રણબીર કપૂરના કરિયરની અત્યાર સુધીની બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ હોવાનો રેકોર્ડ બનાવ્યો છે.

૨૦૧૮માં રિલીઝ થયેલી બાયોગ્રાફિકલ ફિલ્મ 'સંજુ' હજુ પણ નંબર વન પર છે, જેનું લાઈફટાઈમ કલેક્શન ૩૪૨.૫૩ કરોડ રૂપિયા છે. આ સિવાય 'એનિમલ'એ અત્યાર સુધી પોતાના કલેક્શનથી 'બ્રહ્માસ્ત્ર'ને માત આપી છે. તમને જણાવી દઈએ કે અયાન મુખર્જીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મનું લાઈફટાઈમ કલેક્શન ૨૫૭.૪૪ કરોડ રૂપિયા છે. સંદીપ રેડ્ડી વાંગાના નિર્દેશનમાં બનેલી ફિલ્મ 'એનિમલ' પિતા-પુત્રના સંબંધોની રસપ્રદ વાર્તા છે.

ફિલ્મમાં રણબીર કપૂર અને અનિલ કપૂરે પિતા-પુત્રની ભૂમિકા ભજવી છે. જ્યારે રશ્મિકા મંદન્ના તેની પત્નીના રોલમાં જોવા મળી રહી છે.

આ સિવાય બોબી દેઓલ અને તૃપ્તિ ડિમરી પણ મહત્વના રોલમાં જોવા મળ્યા છે. રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ'નો ક્રેઝ લોકોમાં સતત વધી રહ્યો છે. ફિલ્મ જોવા માટે લોકોનો ધસારો જોવા મળી રહ્યો છે અને થિયેટરોમાં દર્શકોની ભારે ભીડ જોવા મળી રહી છે. 'એનિમલ'ને તેની રિલીઝના પહેલા જ દિવસે દેશ અને સમગ્ર વિશ્વમાં બમ્પર ઓપનિંગ મળી હતી.

### શાહરુખનો દમદાર અંદાજ જોઇને લોકો ખુશ થઇ ગયા

# શાહરૂખ ખાનની ફિલ્મ ડંકીનું ટ્રેલર ધમાકેદાર લોન્ચ

## મુવીને લઇને હાલમાં ફેન્સ સુપર એક્સાઇટેડ છે, શાહરુખની આ મુવી પણ જવાનની જેમ કમાણી કરશે કે નહીં એ જોવાનું રહ્યું

મુંબઈ, તા.૬

વર્ષમાં બે મોટી બ્લોકબસ્ટર આપ્યા પછી શાહરુખની ત્રીજી ફિલ્મ મોટા પડદા પર ધૂમ મચાવવા માટે તૈયાર છે. આગામી ફિલ્મ ડંકીનું ટ્રેલર લોન્ચ થઇ ગયુ છે.

આ વખતે શાહરુખ ખાન કંઇક અલગ અંદાજમાં જોવા મળી રહ્યો છે. આ મુવીમાં શાહરુખની સાથે તાપસી પન્નુ, વિક્કી કૌશલ, વિક્રમ કોચર અને અનિલ ગ્રોવર પણ મુખ્ય ભુમિકામાં છે.

જો કે આ મુવીને લઇને હાલમાં ફેન્સ સુપર એક્સાઇટેડ છે. શાહરુખની આ મુવી પણ જવાનની જેમ કમાણી કરશે કે નહીં એ જોવાનું રહ્યું.

ઉલ્લેખનીય છે કે આ પહેલાં મેકર્સે ડંકીનો પ્રોમો રિલીઝ કર્યો હતો જેમાં બધા એક્ટર્સ જોવા મળ્યા હતા, પરંતુ હવે ટ્રેલરમાં ડંકીની કહાની થોડી વધારે જોવા મળી રહી છે.

ટ્રેલરમાં ડંકીની કહાની ૧૯૯૫થી શરૂ થાય છે અને શાહરુખ




સહિત બાખીના બધા એક્ટર્સ યંગ ભૂમિકામાં જોવા મળી રહ્યા છે. મજેદાર અંદાજમાં શરૂ થયેલી કહાની ધીરે-ધીરે એક સિરીયસ ટોપિકમાં બદલાઈ જાય છે અને પછી મોર્ડન કહાનીમાં પહોંચાઈ જાય છે જ્યાં શાહરુખનો લુક જોઈને તમે ખુશ થઈ જશો.

પંજાબના લાલટુ વિસ્તારમાં ૫ યંગસ્ટર લંડન જવાના ક્રેઝ માટે ઈંગ્લિશ ક્લાસ લેતા જોવા મળે છે. રાજકુમાર હિરાનીની ફિલ્મોમાં હંમેશા નજરે પડતા બોમન ઈરાની આ વખતે અંગ્રેજી ટીચરના રોલમાં જોવા મળી રહ્યા છે. બલ્લી (અનિલ ગ્રોવર)ના હેર કટિંગ સલૂનમાં કામ કરે છે અને વિક્રમ કોચર કપડાની દુકાનમાં. વિક્કી કૌશલની ભૂમિકા સુખી લંડન જઇને નોકરીના સપના જોઈ રહ્યા છે, પરંતુ અંગ્રેજીમાં એનું નોલેજ છે.

આ સાથે તાપસી મન્નુના રોલમાં છે જેમાં શાહરુખની સાથે રોમેન્ટિક એંગલ છે. ડંકી રાજકુમાર હિરાની અને શાહરુખ ખાનની એક સાથેની ફિલ્મ છે.

ડંકીનું નિર્દેશન રાજકુમાર હિરાનીએ કર્યુ છે અને ફિલ્મ હિરાની, અભિજાત જોશી અને કનિકા ઢિલ્લો દ્વારા લખવામાં આવી છે. કલાકારોની વાત કરવામાં આવે તો શાહરુખ ખાન, તાપસી પન્નુ, ધર્મેન્દ્ર અને વિક્કી કૌશલ કેમિયોની ભૂમિકામાં છે.

ફિલ્મનું નિર્માણ હિરાની, ગૌરી ખાન અને જ્યોતિ દેશપાંડેએ કર્યુ છે. આ વર્ષે ૨૨ ડિસેમ્બરના રોજ ભારતીય સિનેમાઘરોમાં રિલીઝ થશે.

### અંબાજીને હવે રેલવે લાઈન સાથે જોડવામાં આવશે

# અંબાજીમાં ઝડપથી તૈયાર અદ્યતન રેલવે સ્ટેશન થશે

## રેલવેના અધિકારીઓ કેન્દ્ર સરકારની સૂચનાઓ મુજબ હવે અંબાજીની મુલાકાત લઈ કાર્ય ઝડપથી હાથ ધરાય એ માટે પ્રયાસ હાથ ધરવા માટે કાર્યવાહી શરુ કરી છે

બનાસકાંઠા, તા.૬

અંબાજીને હવે રેલવે લાઈન સાથે જોડવામાં આવનાર છે અને આ માટેની હવે કાર્યવાહી પણ શરુ કરવામાં આવી છે. પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરે દર્શન કરવા માટે ભક્તોએ પહોંચવા માટે બ્રોડગેજ રેલવે લાઈનનો સીધો લાભ મળી રહેશે. અંબાજીમાં આ માટે અદ્યતન સુવિધાઓ સાથે સુંદર રેલવે સ્ટેશન ૧૦૦ રુમ પેસેન્જર નિવાસ સાથે તૈયાર કરવામાં આવનાર છે.

અંબાજીમાં ભક્તોની ભીડ મોટા પ્રમાણમાં ઉમટતી હોય છે. પૂનમ ઉપરાંત ભાદરવી મેળા સહિત તહેવારો અને રજાઓના દિવસોમાં સ્થાનિક અને અન્ય રાજ્યથી ભક્તોની ભીડ ઉમટતી હોય છે. હવે દૂર દૂરથી આવતા ભક્તોને આવવા માટે કેન્દ્ર સરકારે મોટી ભેટ આપી છે. ભક્તો માટે બ્રોડગેજ રેલવે લાઈનનુ કામ શરુ કરવાનુ જાહેર કર્યા બાદ હવે રેલવેના અધિકારીઓ દ્વારા અંબાજીની મુલાકાતો શરુ થઈ ગઈ છે. પ્રસિદ્ધ શક્તિપીઠને દેશના અન્ય રાજ્યોની સાથે સીધી ટ્રેનથી જોડવામાં આવનાર છે. આ માટે હજુ સત્તાવાર રીતે ટ્રેન અંગે કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા નથી. પરંતુ જે રીતે મોટા પાયે આયોજન કરવામાં આવી રહ્યા છે, એ અન્ય મોટા શહેરો અને રાજ્ય સાથે સાંકળતો રેલ ટ્રેક હોવાને ધ્યાને રાખીને કરવામાં આવી રહ્યુ છે.


ભારતીય રેલવેના અધિકારીઓ અંબાજીની મુલાકાત લીધી હતી. અંબાજીને રેલવે લાઈનથી જોડવા માટે ઝડપી પ્રોજેક્ટનુ કાર્ય હાથ ધરવામાં આવનાર છે.

રેલવેના અધિકારીઓ કેન્દ્ર સરકારની સૂચનાઓ મુજબ હવે અંબાજીની મુલાકાત લઈ કાર્ય ઝડપથી હાથ ધરાય એ માટે પ્રયાસ હાથ ધરવા માટે કાર્યવાહી શરુ કરી છે. અંબાજીમાં વિશાળ અને અદ્યતન રેલવે સ્ટેશન તૈયાર કરવામાં આવનાર છે.

### મુમુતાઝે આશા ભોસલે સાથે ડાન્સ કર્યો

# ૭૬ વર્ષની ઉંમરમાં મુમતાઝની અદાઓ જોઇને લોકો ખુશ થયા

## મુમતાઝે આશા ભોસલેની સાથેનો જૂનો વિડીયો શેર કર્યો છે જેમાં બન્ને લોફર મુવીના ગીત પર ડાન્સ કરતા જોવા મળી રહ્યા છે



મુંબઈ, તા.૬

મુમતાઝ અને આશા ભોસલનો એક વિડીયો હાલમાં સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. બન્ને મોટી હસ્તીઓ એક સાથે બોલિવૂડના ગીત પર નાચતા જોવા મળ્યા. મુમતાઝ અને આશાનો આ ડાન્સ વિડીયો જોઈને ફેન્સ ક્રેઝી થઈ ગયા છે.

આ વિડીયોને હાલમાં દર્શકોનો ખૂબ પ્રેમ મળી રહ્યો છે. આજે પણ લોકો મુમતાઝની સ્ટાઈલ પર દિવાના છે, જ્યારે આશા ભોસલેનો અવાજ આજે પણ તમને સાંભળવો ગમે એવો મસ્ત છે. તમે બધા જાણો છો કે મુમતાઝ એમની ડાન્સ સ્કિલથી જાણીતી છે, જ્યારે આશા ભોસલે લેજેન્ડ્રી સિંગર છે. બન્નેએ એમના સમયમાં પોતાના કામથી લાખો કરોડો ફેન્સના દિલ પર રાજ કર્યુ છે. મુમતાઝે ૧૯૬૦ અને ૧૯૭૦ના દશકમાં અનેક સુપરહિટ ફિલ્મોમાં કામ કર્યુ છે.

આશા ભોસલેની વાત કરવામાં આવે તો એમને એમની કરિયરમાં ૧૨ હજારથી પણ વધારે ગીતો ગાયા છે. આ બન્ને દિગ્ગજ હસતીઓ ઘણાં સમયથી એકબીજાના સારા દોસ્ત રહ્યા છે. મુમતાઝે પોતાના ઈન્સ્ટા પર આશા ભોસલેની સાથેનો એક જૂનો વિડીયો શેર કર્યો છે જેમાં બન્ને લોફર મુવીના ગીત પર કોઈ શહેરી બાબુ પર ડાન્સ કરતા જોવા મળી રહ્યા છે. આ દરમિયાન આશા ભોસલે, મુમતાઝના પહેલાં સ્ટેપ યાદ અપાવતા જોવા મળી રહ્યા છે. ત્યારબાદ મુમતાઝ મન ખોલીને એના અંદાજમાં ડાન્સ કરતા જોવા મળે છે, જ્યારે આશા ભોસલે આ દરમિયાન ડાન્સ કરતા જોવા મળે છે. સામે આવેલા વિડીયોમાં તમે જોઈ શકો છો કે આશા ભોસલેએ ઓફ વ્હાઈટ કલરની સાડી પહેરી છે જ્યારે મુમતાઝે બ્લેક કલરનો સૂટ પહેર્યો છે.

આમ, તમને જણાવી દઈએ કે ૧૯૭૩ની ફિલ્મ લોફરનું આ ગીત મુમતાઝ પર ફિલ્મમાં આવ્યુ હતુ જેમાં આશા ભોસલેએ અવાજ આપ્યો હતો. એવામાં ૫૦ વર્ષ પછી આ ગીત પર બન્ને સ્ટાર્સ ફરી એક સાથે જોવા મળ્યા જે ફેન્સ માટે કોઈ ટ્રીટથી ઓછુ નથી. આ વિડીયોમાં ફેન્સ પોતાનો અઢળક પ્રેમ બતાવી રહ્યા છે. આ વિડીયો દિવાળી પાર્ટીનો છે જે મુમતાઝે શેર કર્યો છે. ૭૬ વર્ષની ઉંમરમાં એક્ટ્રેસે પોતાની આગવી અદાઓથી ફેન્સને ઘાયલ કરી દીધા છે. એક્ટ્રેસનો અંદાજ જોઈને ફેન્સ એમની પર ખૂબ પ્રેમ આપી રહ્યા છે. આ વિડીયો પર લોકો જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે.

# GPSCની ચાર પ્રિલિમ પરીક્ષાઓ મોકૂફ : વહીવટી કારણોસર લેવાયો નિર્ણય

ગાંધીનગર, તા.૬

GPSCની આગામી સમયે યોજાનાર પ્રિલિમ પરીક્ષાઓને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, GPSCની ચાર પ્રિલિમ પરીક્ષા મોકુફ રખાઈ છે.

આ પરીક્ષાઓ જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં લેવાનાર હતી. જોકે હવે વહીવટી કારણોસર પરીક્ષા મોકુફ રખાઈ છે. આ સાથે હવે GPSC દ્વારા આગામી દિવસોએ નવી તારીખ જાહેર કરશે.

### આઈપીએલ ૨૦૨૪માં કેટલાક ફેરફાર જોવા મળશે

# આઈપીએલની ત્રણ ટીમો નવા સુકાનીઓ સાથે મેદાનમાં ઊતરશે

## ગુજરાત ટાઈટન્સમાં શુભમન ગિલ, કોલકાતા નાઈટ રાઈડર્સમાં શ્રેયસ અય્યર, દિલ્હી કેપિટલ્સ ટીમમાં રિષભ પંત સુકાની તરીકે જોવા મળશે

મુંબઈ, તા.૬

આઈપીએલ ૨૦૨૪માં કેટલીક ટીમોના ખેલાડીઓના સ્તરમાં ફેરફાર જોવા મળશે. પરંતુ આ વખતે કેટલીક ટીમોના કેપ્ટનમાં પણ ફેરફાર જોવા મળશે. હવે ગુજરાત ટાઈટન્સના કેપ્ટનના રૂપમાં શુભમન ગિલ જોવા મળશે. કોલકાતા નાઈટ રાઈડર્સમાં કેપ્ટન તરીકે શ્રેયસ અય્યરની વાપસી થઈ શકે છે. જયારે દિલ્હી કેપિટલ્સ ટીમની કમાન ફરી એકવાર રિષભ પંતના હાથોમાં જોવા મળી શકે છે.

કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમમાં ગૌતમ ગંભીરની વાપસી મેંટોર તરીકે થઈ છે. ગંભીરના નેતૃત્વમાં કેકેઆર ૨ વખત ચેમ્પિયન બની છે. આ વખતે કેકેઆરમાં કેપ્ટન તરીકે અય્યરની વાપસી થઈ શકે છે. ગત સિઝનમાં તે ફીટ ન હતો. જેથી ટીમની કેપ્ટનશીપ નીતીશ રાણાને સોંપવામાં આવી હતી. નીતીશ રાણાના નેતૃત્વમાં કેકેઆરએ આઈપીએલ ૨૦૨૩માં ૧૪માંથી ૬ મેચ જીતી હતી, જયારે ૮ મેચમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો અને ટીમ પોઈન્ટ્સ ટેબલ પર ૭માં નંબરે હતી.

આઈપીએલ ૨૦૨૩માં કેકેઆરની કપ્તાની સંભાળનાર નીતીશ રાણાએ ૧૪ મેચમાં ૩૧.૭૭ની એવરેજ અને ૧૪૦.૯૬ની સ્ટ્રાઈક રેટથી ૪૧૩ રન બનાવ્યા હતા અને ૩ વિકેટ પણ ઝડપી હતી. જયારે શ્રેયસ અય્યરને આઈપીએલ ૨૦૨૨ સિઝનમાં ૧૨.૨૫ કરોડ રૂપિયામાં કોલકાતાની ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. અય્યરે આઈપીએલ ૨૦૨૨ની ૧૪ મેચોમાં ૩૦.૮૫ની એવરેજ અને ૧૩૪.૫૬ની સ્ટ્રાઈક રેટથી ૪૦૧ રન બનાવ્યા હતા.

દિલ્હી કેપિટલ્સની ટીમે આઈપીએલ ૨૦૨૩માં ખુબ જ ખરાબ પ્રદર્શન કર્યું હતું. દિલ્હીની ટીમે ૧૪માંથી ૫ મેચ જીતી હતી. તે પોઈન્ટ્સ ટેબલ પર ૯માં સ્થાને હતી. આઈપીએલ ૨૦૨૩માં રિષભ પંતની ગેરહાજરીમાં દિલ્હી કેપિટલ્સની કેપ્ટનશીપ ડેવિડ વોર્નરને સોંપવામાં આવી હતી. અકસ્માતના કારણે પંત આઈપીએલ ૨૦૨૩માં રમી શક્યો ન હતો.

રિષભ પંતે વર્ષ ૨૦૨૧ પહેલીવાર દિલ્હી કેપિટલ્સની કપ્તાની સંભાળી હતી. તે સિઝનમાં દિલ્હીનો કેપ્ટન શ્રેયસ અય્યર હતો. તે ઈજાના કારણે ટુર્નામેન્ટથી બહાર થઈ ગયો હતો. તે પછી આઈપીએલ ૨૦૨૨માં ડીસીએ રિષભ પંતને કેપ્ટન તરીકે રિટેન કર્યો હતો. પંત આઈપીએલ ૨૦૨૩ પહેલા જ ઈજાગ્રસ્ત હોવાથી તેની જગ્યાએ ડેવિડ વોર્નરે કેપ્ટનશીપ સંભાળી હતી. વોર્નરે ગત સિઝનમાં ૧૪ મેચમાં ૩૬.૮૬ની એવરેજ અને ૧૩૧.૬૩ની સ્ટ્રાઈક રેટથી ૫૧૬ રન બનાવ્યા હતા.

શુભમન ગિલ આઈપીએલ ૨૦૨૩માં સૌથી વધુ રના બનાવનાર બેટ્સમેન હતો અને તેણે ઓરેન્જ કેપ પણ જીતી હતી. ગિલે ૧૭ મેચમાં ૫૯.૩૩ની એવરેજથી ૮૯૦ રન બનાવ્યા હતા. ગિલે વર્ષ ૨૦૧૮ કોલકાતા નાઈટ રાઈડર્સ માટે પોતાનો આઈપીએલડેબ્યૂ કર્યો હતો. ગિલે તેના આઈપીએલકરિયરમાં અત્યાર સુધી ૯૧ મેચ રમી છે. જેમાં તેણે ૩૭.૭૦ની એવરેજ થી ૨૭૯૦ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે ૩ સદી અને ૧૮ ફિફ્ટી ફટકારી છે. તેનો હાઈએસ્ટ આઈપીએલસ્કોર ૧૨૯ રન છે. ગિલે તેના આઈપીએલકરિયરમાં ૨૭૩ ચોગ્ગા અને ૮૦ છગ્ગા ફટકાર્યા છે. આઈપીએલ ૨૦૨૩ની હરાજી પહેલા ગિલને ગુજરાત ટાઈટન્સે ૮ કરોડ રૂપિયામાં સાઈન કર્યો હતો

### અમદાવાદની શાનમાં વધારો થશે

# સ્ટેચ્યુ ઓફ યુનિટીની જેમ સાબરમતી રિવરફ્રન્ટ પર બનશે ગ્લો ગાર્ડન

## અમદાવાદ રિવરફ્રન્ટ પર ૩.૫ કરોડ રૂપિયાના ખર્ચે પશ્ચિમ કિનારે ગ્લો ગાર્ડન ઉભું કરવાનું આયોજન ચાલી રહ્યું છે

અમદાવાદ, તા.૬

સાબરમતી રીવરફ્રન્ટની સુંદરતામાં અભિવૃદ્ધિ કરતા આ નવીનત્તમ પ્રોજેક્ટ અમદાવાદમાં આવી રહ્યો છે.

સાબરમતી રિવરફ્રન્ટ પર મુલાકાતીઓને વધુ એક નવું નજરાણું મળશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવો ગ્લો ગાર્ડન હવે અમદાવાદના આંગણામા પણ માણા મળશે. ભવ્ય ગ્લો ગાર્ડન રિવરફ્રન્ટ પાર્ક ખાતે પણ શરૂ કરવાનું આયોજન ચાલી રહ્યું છે.

amc દ્વારા આ મામલે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ છે. અમદાવાદ રિવરફ્રન્ટ પર ૩.૫ કરોડ રૂપિયાના ખર્ચે પશ્ચિમ કિનારે ગ્લો ગાર્ડન ઉભું કરવાનું આયોજન ચાલી રહ્યું છે.

કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવેલું ગ્લો ગાર્ડન પ્રવસીઓમાં ખુબ આકર્ષણ જમાવી ચૂક્યું છે. ત્યારે આવુ જ એક ભવ્ય ગ્લો ગાર્ડન હવે અમદાવાદમાં પણ જોવા મળશે. સાબરમતીના ઘાટ પર અવનવા લાઈટ્સનું ગાર્ડન ઉભું કરવામાં આવશે. સાબરમતી રિવરફ્રન્ટ પર પ્રવાસીઓને આકર્ષવા માટે અટલ બ્રિજ, ફ્લાવર ગાર્ડન, બટરફ્લાય પાર્ક, એડવેન્ચર રાઈડ્સ, કાયાકીંગ, સાબરમતી રિવર ક્રુઝ તો પહેલેથી છે જ. પરંતુ જલ્દી જ હવે ગ્લો ગાર્ડન પણ માણવા મળશે. જેનાથી રિવરફ્રન્ટ પર આવતા મુલાકાતીઓની સંખ્યા વધશે. મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસનના સૂચન બાદ રિવરફ્રન્ટ અધિકારીઓ દ્વારા ગ્લો ગાર્ડન માટે વહીવટી પ્રક્રિયા શરૂ કરાઈ છે. ટેન્ડર મંજુર થયા બાદ ૫ થી ૬ મહિનામાં ગ્લો ગાર્ડન શરૂ કરવાની વિચારણા ચાલી રહી છે.

શનિ-રવિની રજાઓ અને તહેવારોના દિવસોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે હોટ ફેવરિટ સ્થળ બન્યું છે. શનિ-રવિની રજાને લઈને મોટી સંખ્યામાં પ્રવાસીઓ કેવડિયા કોલોની ખાતે ઉમટી પડે છે. સમગ્ર કેવડિયા અને સ્ટેચ્યુ વિસ્તારમાં ૩૫ થી ૪૦ કરોડના ખર્ચે ૩ કરોડ LED લાઈટોનો શણગાર કરવામાં આવ્યો છે. સ્ટેચ્યુ રોડ અને ગ્લો ગાર્ડન લાઈટોથી ઝગમગી ઉઠ્યું છે. નર્મદા નિગમ દ્વારા વિદેશમાં જેમ લાઈટિંગ વાળા ગાર્ડન હોય છે તેમ હવે કેવડિયામાં પણ ગ્લો ગાર્ડન બનાવવામાં આવ્યું છે.

હવે આ ગ્લો ગાર્ડન પ્રવાસીઓમાં આ એક ખાસ આકર્ષણ બની ગયું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી આવતા પ્રવાસીઓ હવે આ ગ્લો ગાર્ડનની લાઈટિંગનો નજારો જોવા ખાસ રાત્રિ રોકાણ પણ કરતા થયા છે. આ ગ્લો ગાર્ડનની લાઈટિંગનો અદભુત નજારો જોઈ ખુશ થઈ રહ્યા છે. રંગબેરંગી લાઈટોનો આ શણગાર પ્રવાસીઓ પોતાના કેમેરામાં કેદ કરી રહ્યા છે.

### ગરબાને ઇન્ટેન્જિબલ કલ્ચર હેરિટેજ જાહેર કરવામાં આવશે

# ગુજરાતના ગરબાને યુનેસ્કોમાં સ્થાન, વિશ્વની સાંસ્કૃતિક ધરોહર તરીકે ઓળખાશે

## ગરબો એ ગુજરાત અને ભારતીય સંસ્કૃતિની વૈવિધ્યપૂર્ણ એકતા દર્શાવતું મહત્વનું સ્થાન ધરાવે છે ગરબાને માં આદ્યશક્તિની ઉપાસના તરીકે જોવામાં આવે છે

ગાંધીનગર, તા.૬

ગુજરાતનું ગૌરવ સમાન ગરબા ગુજરાત અને દેશના સીમાડા ઓળંગીને વૈશ્વિક ઓળખ બની ચૂક્યો છે.

ત્યારે યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશન સાયન્ટિફિક એન્ડ કલ્ચર ઓર્ગેનાઈઝેશન એટલે કે, યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબાને ઈન્ટેન્જિબલ કલ્ચર હેરિટેજ જાહેર કરવામાં આવશે. યુનેસ્કો દ્વારા આયોજિત બોત્સાવાના ખાતે સમારોહનું આયોજન થયું છે. જેનું જીવંત પ્રસારણ આજે સાંજે છ વાગ્યે કરાશે.

આ માટે ચાર સ્થળો પરંપરાગત ગરબા સાથે વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે તેમ સરકારની સત્તાવાર યાદીમાં જણાવાયું છે. ગરબો એ ગુજરાત અને ભારતીય સંસ્કૃતિની વૈવિધ્યપૂર્ણ એકતા દર્શાવતું મહત્વનું સ્થાન ધરાવે છે. ગરબાને માં આદ્યશક્તિની ઉપાસના તરીકે જોવામાં આવે છે. જાતિ ધર્મ ભાષા બોલીના ભેદથી ઉપર ઊઠીને સામાજિક સમરસતા અને સમૂહ જીવનને આકાર આપવામાં એ મહત્વનું સ્થાન લીધું છે.

ગુજરાતના પ્રજા જીવનને ધબકતું રાખવા અને જીવંત રાખવા ગરબાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ ગરબાનો સૌથી મોટો ઉત્સવ નવરાત્રી એટલે કે વિશ્વનો સૌથી લાંબો ચાલનારો ઉત્સવ પણ બની ચૂક્યો છે.

# અમરેલીની મુકબધિર શાળામાં દિવ્યાંગ બાળકોનાં માનસિક તનાવને દૂર કરવાનો પ્રયોગ



શ્રીમતી ટી.એમ.આર બહેરા મૂંગા શાળામાં તથા સુરત શહેરની ૧૧ સંસ્થાઓ સહિત રાજયનાં ૧૨ જિલ્લાની ૨૨ સંસ્થાઓ મળી કુલ ૩૩ સંસ્થાઓમાં એક સાથે, એક સમયે, પોતાની સંસ્થામાં જ ગાયત્રી મંત્રની વિવિધ પ્રકારે સાધના મંગળવારે સવારે ૧૧.૩૦ થી ૧૨ દરમિયાન દિવ્યાંગ બાળકોએ આ સાધના સંપન્ન કરી. સુરત શહેરમાં કુલ ૧૮૩૮, અમદાવાદમાં ૪૨૬, ભાવનગરમાં ૩૩૮, નવસારી માં ૨૫૧, નડિયાદમાં ૨૦૦, વલસાડમાં ૧૦૨, સુરેન્દ્રનગરમાં ૮૦, વડોદરામાં ૭૦, મોડાસામાં ૬૨, અમરેલીમાં ૬૦, ગોધરામાં ૫૧, અને પાટણમાં ૪૦ મળ ીને કુલ ૩૩૧૮ દિવ્યાંગ વિદ્યાર્થીઓ સામૂહિક સાધના સંપન્ન કરી. પ્રહર્ષા મહેતાના જણાવ્યા અનુસાર રાજયભરમાં ૧૨ જિલ્લામાં કુલ ૩૩૧૮ દિવ્યાંગ બાળકોએ એક સાથે બેસી મંત્ર જાપ કર્યા હતા. છેલ્લા ૩ વર્ષ થી માનસિક રૂપે દિવ્યાંગ બાળકો પરના હેમાંગીનીબેન દ્વારા થયેલા ગાયત્રી મંત્રનાં દિવ્યાંગ બાળકોમાં થયેલા પ્રયોગમાં તેમના વ્યવહારમાં હકારાત્મક પરિવર્તન જોવા મળ્યું હતું. તેનાથી પ્રોત્સાહિત થઈને ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના દિવ્યાંગ વિભાગ દ્વારા વિશ્વ દિવ્યાંગ સપ્તાહ દરમિયાન દિવ્યાંગ બાળકો માટેના આજના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગાયત્રીના સિદ્ધ સાધક અને યુગ દ્રષ્ટા પંડિત શ્રીરામ શર્મા આચાર્યની પરા વાણીમાં મુદ્રિત થયેલા સ્વરમાં મનો દીવ્યાંગ વિદ્યાર્થીઓએ ધ્યાન ધર્યું. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ ગાયત્રી મંત્ર જાપ કર્યા અને મૂક બધિર વિદ્યાર્થીઓએ ગાયત્રી મંત્રલેખન કર્યુ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનાં દિવ્યાંગ વિભાગના કન્વીનર હેમાંગીની દેસાઈના અનુસાર, આ એક વિલક્ષણ અને અદ્‌ભૂત આયોજન વિશ્વમાં પ્રથમવાર થયું. રાજયભરનાં બાળકોનો ઉત્સાહ જોવા લાયક રહ્યો છે. આગામી દિવસોમાં આ સાધના આંદોલન નિરંતર ચાલે તે માટે પ્રયાસ કરવામાં આવશે.

પાના ૧ ઉપરનું ચાલું
## આજથી મહુવા–સુરત વચ્ચે દોડશે

કલાકે દોડશે. આ ટ્રેનને આવતી કાલ ૭ ડિસેમ્બર થી ૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ટ્રેન નંબર ૦૯૧૧૨ મહુવા–સુરત દ્વિ–સાપ્તાહિક વિશેષ ટ્રેન મહુવાથી દર ગુરૂવાર અને શનિવારે ૧૩:૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૨ :૩૦ કલાકે સુરત પહોંચશે. આ ટ્રેન આવતી કાલ ૭ ડિસેમ્બર, થી ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી મહુવાથી દોડશે.તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૧૧ સુરત – મહુવા દ્વિ – સાપ્તાહિક વિશેષ ટ્રેન દર બુધવાર અને શુક્રવારે સુરતથી ૨૨ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૯:૧૦ કલાકે મહુવા પહોંચશે. આ ટ્રેન આજે ૬ ડિસેમ્બરથી શરૂ કરવામાં આવેલ છે. જે આગામી તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી સુરતથી મહુવા સુધી દોડશે.

આ ટ્રેન બંને દિશામાં રાજુલા, સાવરકુંડલા,લીલીયા, મોટા, દામનગર, ઢસા, ધોળા, નિંગાળા, બોટાદ,ધંધુકા, ધોળકા, બાવળા, ગાંધીગ્રામ, અમદાવાદ અને વડોદરા સ્ટેશનો પર ઉભી રહેશે.આ ટ્રેનમાં એસી ચેરકાર,નોર્મલ ચેરકાર, સ્લીપર અને સેકન્ડ કલાસ સીટીંગ કોચનો સમાવેશ થાય છે.

ટ્રેન નંબર ૦૯૧૧૨ અને ૦૯૧૧૧નું બુકિંગ પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર શરૂ થઈ ગયું છે. આ ટ્રેનના પરિચાલન સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

પાના ૮ ઉપરનું ચાલું
## રાજુલાની ખાનગી શાળા નજીક

ગજેન્દ્રસિંહ સહિત સેવાભાવી લોકો સેવા માટે દોડી આવેલ. આ ઘટનાથી આ રસ્તો બંધ થવા પામેલ, જે આ ઘટનામાં આ રોડ પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા. ઘટનાની જાણ ૧૦૮ને કરતા ગણતરીના સમયમાં ૧૦૮ દોડી આવેલ. ઈજા ગ્રસ્ત વીરાભાઈ તેમજ તેમની સાથે બેસેલા એક બહેન બંનેને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવા આવ્યા.

## સલમાન મારી નફરતને પણ લાયક નથીઃ સિંગર અભિજિત ભટ્ટાચાર્ય

મુંબઈ, તા.૬

સિંગર અભિજીત ભટ્ટાચાર્યએ પોતાની કરિયરમાં ઘણા હિટ ગીતો આપ્યા છે. આજે પણ અભિજીતના અવાજના ચાહકો દીવાના છે. સિંગરે ૧૦૦૦ ફિલ્મોમાં ૬૦૩૪ ગીતો ગાયા છે. આ ગાયકે શાહરૂખ ખાનથી લઈને સલમાન ખાન સુધી બધા માટે ગીતો ગાયા છે. થોડા દિવસ પહેલાં શાહરૂખ વિશે વાત કર્યા બાદ અભિજીતે હવે સલમાન વિશે કહ્યું કે તે મારી નફરતને પણ લાયક નથી. એક વાતચીતમાં અભિજીતને સલમાન ખાન સાથેના તેના સમીકરણ વિશે પૂછવામાં આવ્યું હતું અને તેઓએ કહ્યું કે, સલમાન તેની સદ્ભાવનાને કારણે જ સફળ થયો છે, તે ભગવાન નથી અને તેણે પોતાને એવો માનવો જોઈએ નહીં. અભિજીતે વધુમાં કહ્યું કે તેણે ક્યારેય સલમાનના સમર્થનમાં ટ્વિટ કર્યું નથી. તેઓએ કહ્યું, લોકો કેવી રીતે વિચારી શકે છે કે હું સલમાન ખાન જેવા વ્યક્તિનું સમર્થન કરી શકું જે ફક્ત દુશ્મન દેશના કલાકારોને પ્રોત્સાહન આપે છે. પાકિસ્તાન પ્રત્યે પોતાની વફાદારી દર્શાવવા માટે તેણે ઘણા મોટા ભારતીય ગાયકોને પાકિસ્તાની ગાયકો સાથે રિપ્લેસ કર્યા છે. અભિજીતે તે પાકિસ્તાની કલાકારોના નામ લીધા ન હતા જેમણે સલમાને પ્રમોટ કર્યા ન હતા પરંતુ રાહત ફતેહ અલી ખાનના સ્થાને અરિજીત સિંહનો સંદર્ભ લીધો હતો. તેઓએ કહ્યું કે, અરિજીત દેશનો શ્રેષ્ઠ ગાયક છે અને તેણે સલમાન પાસેથી કામની ભીખ માંગવાની જરૂર નહોતી.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં કેરિયાનાગસ ગામેથી

અને પ્રોહીબીશનમાં કાયદા અમલમાં હોય તેમ છતાં અને આ આલ્કોહોલ મિશ્રીત પ્રવાહિનુ વેચાણ પ્રતિબંધ હોવા છતાં કોઈપણ જાતના લાયસન્સ કે ડોકટરનાં અભિપ્રાય વગર લોકોમાં નશાના હેતુથી વેચાણ કરવા માટે આરોપીએ ઉપરોકત મુદ્દામાલ પોતાના કબ્જામાં રાખી વેચાણ કરી તેમજ આ મુદ્દામાલ પાલીતાણા ગામે રહેતા આરોપી જીલનભાઈ બીપીનભાઈ પારેખે પુરો પાડી એકબીજાની મદદગારી કરી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૩૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૫૫ | ૯૭૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૫ | ૧૫૧૫ |
| ૨ | મગફળી | ૧૨૧૨ | ૧૩૫૮ |
| ૩ | તલ સફેદ | ૨૭૬૫ | ૩૧૪૫ |
| ૪ | ઘઉં | ૪૯૭ | ૫૪૩ |
| ૫ | ચણા | ૯૩૨ | ૧૧૩૮ |
| ૬ | સોયાબીન | ૯૦૬ | ૯૩૪ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં ચિતલથી રાંઢીયા

રોડનાં કારણે અવાર–નવાર અકસ્માતો પણ સર્જાય છે તથા ઈમરજન્સી સારવાર માટે એમ્બ્યુલન્સ પણ હોસ્પિટલે સમયસર પહોંચી શકતી નથી જેનાં લીધે દર્દીનો જીવ પણ જોખમમાં મુકાય જાય છે. તો લોકોને પડતી મુશ્કેલીને ધ્યાનમાં રાખીને નવો ડામર રોડ બનાવવા માટો તાલુકા કોંગી ઉપપ્રમુખ વિપુલ પોકિંયાએ કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠાવીને રજુઆત કરેલ છે.

## જાહેર નોટિસ

**મોજે– અરજણસુખ, તા.વડિયા–કુંકાવાવ, જી.અમરેલી, ખાતા નં.૫૮૯ રે.સ.નં. ૩૫૮/ પૈકી ૧ / પૈકી ૧/ પૈકી ૧, હેકટર ૦–૮૦–૯૪,**

અમો ચંદ્રેશ આર.રોશનીયા (એડવાકેટ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીયે કે,

મોજે અરજણસુખ, તા.વડિયા–કુંકાવાવ, જી.અમરેલીના ખાતા નં. ૫૮૯ થી રે.સ.નં. ૩૫૮/પૈકી ૧/ પૈકી ૧/ પૈકી ૧, હેકટર ૦–૮૦–૯૪, વાળી ખેતીની જમીન દેવરાજભાઈ રાઘવભાઈ હીરપરા, રહે. ખડખડ તથા પરસોતમભાઈ અરજણભાઈ લીંબાસીયા, રહે. સુરત,ના સંયુકત નામે આવેલ છે. આ ખેતી ની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, સ્વ.પાર્જીત, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલને વેંચાણ આપવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈ પણ ભાગ ઉપર કોઈ પણ નાણાકિય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જે હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ / ખેતી / ગણોત / લીઝલાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦માં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈજ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જે નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહીં.

તા. ૦૭/૧૨/૨૦૨૩
ઠે. મેઈન બજાર, પુલ પાસે,
મુ. વડિયા, (જી. અમરેલી)
મો. ૯૯૨૫૩૦૪૪૪૯

**ચંદ્રેશ આર. રોશનીયા**
**(એડવોકેટ)**
**તે તમારા અસીલની સુચનાથી**

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૪૫ | ૧૪૩૪ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૩૬૧ |
| ૩ | ઘઉં | ૫૩૦ | ૫૭૦ |
| ૪ | ચણા | ૧૦૧૦ | ૧૧૩૦ |
| ૫ | મગ | ૧૭૪૦ | ૧૭૪૦ |
| ૬ | ધાણા | ૧૩૦૧ | ૧૩૫૧ |
| ૭ | મેથી | ૧૦૨૫ | ૧૦૪૬ |
| ૮ | સોયાબીન | ૮૫૦ | ૯૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૨ | મગફળી | ૧૧૬૬ | ૧૩૯૨ |
| ૩ | ચણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૪ | જુવાર સફેદ | ૧૩૦૦ | ૧૩૧૧ |
| ૫ | ધાણા | ૧૧૮૧ | ૧૧૮૧ |
| ૬ | અડદ | ૧૬૯૧ | ૧૬૯૧ |
| ૭ | સોયાબીન | ૬૦૦ | ૯૦૦ |
| ૮ | તલ સફેદ | ૩૨૦૧ | ૩૨૦૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૩૦૯ |
| ૨ | શિંગ મોટી | ૯૩૬ | ૧૪૦૭ |
| ૩ | તલ સફેદ | ૧૭૧૦ | ૩૩૨૫ |
| ૪ | તલ કાળા | ૨૨૯૫ | ૩૨૫૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૪૦૨૦ | ૪૦૨૦ |
| ૬ | બાજરો | ૪૫૩ | ૪૬૬ |
| ૭ | જુવાર | ૫૨૩ | ૧૨૦૪ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૩ |
| ૯ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૮૦ |
| ૧૦ | મગ | ૧૭૨૧ | ૧૯૬૦ |
| ૧૧ | અડદ | ૧૭૩૫ | ૧૮૩૨ |
| ૧૨ | ચણા | ૭૫૦ | ૧૨૨૬ |
| ૧૩ | તુવેર | ૮૫૦ | ૧૮૮૦ |
| ૧૪ | કપાસ | ૯૬૭ | ૧૪૫૯ |
| ૧૫ | એરંડા | ૧૦૦૦ | ૧૧૪૫ |
| ૧૬ | રાય | ૧૨૦૦ | ૧૨૨૦ |
| ૧૭ | ધાણા | ૧૦૫૫ | ૧૪૪૫ |
| ૧૮ | મેથી | ૧૦૫૦ | ૧૧૭૫ |
| ૧૯ | સોયાબીન | ૯૧૨ | ૯૨૮ |
| ૨૦ | મરચા લાંબા | ૧૨૦૦ | ૩૬૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૧૦ | ૧૩૭૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૬૫ | ૧૪૭૧ |
| ૩ | તલ સફેદ | ૨૬૭૦ | ૩૩૭૦ |
| ૪ | તલ કાળા | – | ૩૩૬૫ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૩૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૭૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૩૨ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૦૬ |
| ૯ | જુવાર | ૧૦૦૦ | ૧૪૨૧ |
| ૧૦ | અડદ | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ૧૧ | ચણા | ૯૫૦ | ૧૩૦૦ |
| ૧૨ | તુવેર | ૧૦૫૦ | ૧૩૦૦ |
| ૧૩ | ધાણા | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૧૪ | સોયાબીન | ૮૫૦ | ૯૨૫ |


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૫૭ |
| ૨ | ચણા | ૭૦૦ | ૧૧૬૩ |
| ૩ | ધાણા | ૧૩૧૦ | ૧૩૪૧ |
| ૪ | સોયાબીન | ૮૦૩ | ૯૩૨ |
| ૫ | તલ સફેદ | ૨૬૩૦ | ૩૧૭૬ |
| ૬ | મગફળી | ૧૧૫૧ | ૧૩૦૦ |
| ૭ | જુવાર | ૬૫૦ | ૯૭૬ |
| ૮ | ઘઉં લોકવન | ૫૦૯ | ૫૭૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૩૫ | ૫૪૮ |
| ૧૦ | લસણ | ૨૫૦૦ | ૨૫૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૬ | ૧૪૭૦ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૧૫૨ |
| ૩ | કપાસ | ૧૧૭૦ | ૪૭૦ |
| ૪ | બાજરો | ૪૪૦ | ૫૨૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૨૫ |
| ૬ | જુવાર | ૫૦૦ | ૧૨૦૦ |
| ૭ | મગ | ૧૦૦૦ | ૨૩૫૦ |
| ૮ | મઠ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ૯ | અડદ | ૧૫૦૦ | ૧૮૦૧ |
| ૧૦ | ચણા | ૬૫૧ | ૧૦૨૧ |
| ૧૧ | સોયાબીન | ૮૪૧ | ૯૦૧ |

# સાવરકુંડલાના એસ.ટી. ડેપોમાં વિદ્યાર્થીનીઓએ પ્રેરણાત્મક સૂત્રો લગાવ્યા




શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલા રાષ્ટ્રીય સેવા યોજના અને એસ.ટી. વિભાગના ડેપો મેનેજર એ.પી. કરમટા તથા આકડા અધિકારી સંજયભાઈ અપારનાથી તથા તમામ એસ.ટી. કર્મચારીના સંયુકત ઉપક્રમે સ્વચ્છતા અભિયાન અને એસ.ટી. ડેપોમાંની દીવાલો ઉપર અગત્યની સૂચનાઓ લખવામાં આવી હતી. જેમાં ૧૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાંનો પાર્કિંગ જેવી અગત્યની સૂચનાઓ લખવામાં આવી હતી. જેમાં કોલેજના પ્રિન્સિપાલ ચાવડા તથા તમામ કોલેજના સ્ટાફ દ્વારા માર્ગદર્શન આપ્યું હતું અને આવી જ સ્વચ્છતા હંમેશા જળવાયેલી રહે તેવી ખાત્રી પણ આપી હતી.

### ઘોડા ક્યારેય બેસતા નથી

# ઘોડાને ઊંઘ આવે છતાં પણ તે ઉભો જ રહે છે

## ઘોડાઓ મૂળભૂત રીતે ઘાસના મેદાનોમાં રહેતા પ્રાણીઓ છે, ખુલ્લા ઘાસના મેદાનોમાં તેમના મુખ્ય દુશ્મનો શિયાળ હોય છે

કુદરતે પ્રાણીઓને વિવિધ પ્રકારની શક્તિઓ આપી છે. કેટલાક ઉડી શકે છે, કેટલાક ઉડી શકતા નથી, કેટલાક ઝડપથી દોડી શકે છે, કેટલાકની અંદર ઝેર છે, છતાં તે મૃત્યુ પામતા નથી.

આ આશ્ચર્યજનક શક્તિઓ વિશે જાણીને મનુષ્ય પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. જેમાં ઘોડા પણ આશ્ચર્યમાં મૂકતા હોય છે. ઘોડાઓમાં માત્ર ઝડપથી દોડવાની શક્તિ જ નથી હોતી, પરંતુ તેઓ વધુ એક ખાસ બાબત માટે જાણીતા છે. શું તમે નોંધ્યું છે કે ઘોડા હંમેશા ઉભા રહે છે, તેઓ ઉભા થઈને પણ સૂઈ જાય છે. શું તમે આ પાછળનું કારણ જાણો છો? અજબ-ગજબ નોલેજ' અંતર્ગત અમે તમારા માટે દેશ અને દુનિયા સાથે જોડાયેલી ઘણી એવી માહિતી લઈને આવ્યા છીએ જે તમને આશ્ચર્યચકિત કરી દેશે. આજે આપણે વાત કરીશું કે શા માટે ઘોડા ક્યારેય બેસતા નથી અને ઉભા રહીને સૂઈ જાય છે. હકીકતમાં, તાજેતરમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઊંદ્ગિ પર કોઈએ એક પ્રશ્ન પૂછ્યો - ઘોડો કેમ સૂતો નથી, તે



હંમેશા કેમ ઊભો રહે છે? પ્રશ્ન રસપ્રદ છે, તેથી અમે વિચાર્યું કે અમે તમને જવાબ આપીશું. પરંતુ તે પહેલા ચાલો જોઈએ કે લોકોએ આના પર શું જવાબ આપ્યો છે. અરવિંદ વ્યાસ નામના યુઝરે લખ્યું – "ઘોડા હંમેશા ઊભા રહેતા નથી, તેઓ ક્યારેક બેસી જાય છે, સૂઈ જાય છે.

ઘોડાઓ મૂળભૂત રીતે ઘાસના મેદાનોમાં રહેતા પ્રાણીઓ છે. ખુલ્લા ઘાસના મેદાનોમાં તેમના મુખ્ય દુશ્મનો શિયાળ હોય છે. ઘોડો આ શિયાળથી બચવા માટે વધુ ઝડપે દોડવા સક્ષમ પ્રાણી તરીકે વિકસિત થયા છે. તેથી, સામાન્ય રીતે ઘોડાઓ તેમના પગને એકાંતરે આરામ કરીને સાવધાન ઊંઘે છે. પરંતુ, અન્ય સસ્તન પ્રાણીઓની જેમ, તેઓએ પણ થોડો સમય ગાઢ ઊંઘ લેવાની જરૂર છે; તેથી, કેટલાક ભાગોમાં, ઘોડા પણ દિવસમાં બેથી ત્રણ કલાક સૂઈ જાય છે." યશ કુમાર નામના યુઝરે કહ્યું- "ઘોડો હંમેશા ઉભા રહેવા પાછળ એક કારણ હોય છે. ઘોડો હંમેશા તૈયાર સ્થિતિમાં રહે છે. આ માટે તેના પગના સ્નાયુઓ અને તેના શરીરનો આકાર પણ અસરકારક સાબિત થાય છે. ઘોડાના પગ એકદમ સીધા છે. "તેના પગ તેને સૂતી વખતે પડવા દેતા નથી." આ સામાન્ય લોકોના જવાબો છે, ચાલો હવે જોઈએ કે તેના વિશે વિશ્વસનીય સોર્સ શું કહે છે. લાઈવ સાયન્સ વેબસાઈટના રિપોર્ટ અનુસાર, ઘોડા મોટાભાગે ઉભા રહે છે અને ઉભા રહીને પણ સૂઈ શકે છે. તેની પાછળનું સૌથી મહત્ત્વનું કારણ સર્વાઈવલ એટલે કે આપણી સલામતી છે. ઘોડા એ એવા જીવોમાંથી એક છે જે સદીઓથી શિકારીઓનો શિકાર બને છે. આ કારણે સમયની સાથે તેમનામાં આ ગુણ વિકસિત થયો છે જેના કારણે તેઓ ઉભા રહીને સૂઈ શકે છે.

# રાજુલા : જે.એ. સંઘવી હાઈસ્કુલ ખાતે ભૂતપુર્વ વિદ્યાર્થીઓનું અભૂતપુર્વ સ્નેહમિલન અને લોકડાયરાનું આયોજન




રાજુલા, તા.૬

રાજુલા તાલુકાની સૌથી જુની શાળા એવી જે.એ.સંઘવી હાઈસ્કુલ–રાજુલાને ૭૦ વર્ષ પુર્ણ થયાં છે. આ શાળામાં અત્યાર સુધીમાં ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી પુરા ભારતમાં અને વિદેશમાં પણ સ્થાપી થયા છે. અને ઉચ્ચ હોદો પર પહોંચ્યા છે. આવા ભૂતપુર્વ વિદ્યાર્થીઓ એક સાથે ફરી વાર પોતાની શાળામાં ભેગા થાય અને પોતાનાં વિદ્યાર્થીકાળનાં સંસ્મરણો તાજા કરી શકે અને પોતાનાં સાથી મિત્રોને મળી શકે એ માટે ભુતપુર્વ વિદ્યાર્થીઓનું એક અભૂતપુર્વ સ્નેહમિલન આગામી તા. ૧૭/૧૨/૨૦૨૩ ને રવિવારનાં રોજ બપોરનાં ૩ થી ૭ વાગ્યા સુધી જે.એ.સંઘવી હાઈસ્કુલનાં પટાંગણમાં યોજાવાનું છે.

આ સ્નેહમિલનમાં જોડાય એવી અપીલ પણ જે.એ.સંઘવી હાઈસ્કુલ શાળા પરિવારનાં પુર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત રાત્રે ૯ કલાકે એક ભવ્ય લોકડાયરાનું પણ આયોજન થયું છે. આ લોકડાયરામાં સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર અને સમાજ સેવક એવા ડો.જગદીશભાઈ ત્રિવેદી, લોક સાહિત્યકાર મેરામણભાઈ ગઢવી, સંતવાણી આરાધક અને આ જ શાળાનાં ભુતપુર્વ વિદ્યાર્થી એવા શૈલેષ મહારાજ તેમજ આ શાળામાં અભ્યાસ કરીને અત્યારે સંગીત ક્ષેત્રે ખુબ સારી નામનાં મેળવેલ છે. એવા શાળાનાં ભુતપુર્વ વિદ્યાર્થીઓ પણ પોતાની કલા રજુ કરશે. આવો કાર્યક્રમ રાજુલા તાલુકામાં પ્રથમ વખત થતો હોય દરેક લોકોમાં આ કાર્યક્રમમાં જોડાવવા ખુબ જ ઉત્સાહ જોવા મળી રહયો છે.

### યુધ્ધ વિરામ સમાપ્ત થયા બાદ ઈઝરાયેલ-હમાસ યુદ્ધ શરૂ

# હમાસને ખતમ કરવા તમામ તાકાત લગાવી દઈશું : આઈડીએફ પ્રવક્તા

## હમાસ સંગઠને બંધકોની મુક્તિનો અસ્વીકાર કરતા યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરીને યુદ્ધ પસંદ કર્યાનો રિયર એડમિરલ ડેનિયલ હગરી દાવો

નવી દિલ્હી, તા.૬

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેનો યુદ્ધ વિરામ સમાપ્ત થયા બાદ ફરી એક વખત યુદ્ધ શરૂ થઈ ગયુ છે. આ વચ્ચે આઈડીએફના પ્રવક્તા રિયર એડમિરલ ડેનિયલ હગરીએ જણાવ્યું કે, અમે આતંકવાદીઓ વિરુદ્ધ પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દઈશું.

હગરીએ કહ્યું કે, અમે હમાસનો ઉત્તર ગાઝામાં પીછો કર્યો અમે હવે અમે તેમનો દક્ષિણ ગાઝામાં પીછો કરી રહ્યા છે. અમે હમાસ આતંકવાદીઓ વિરુદ્ધ વધુમાં વધુ તાકાતનો ઉપયોગ કરીશું. અમારી સેનાએ ૭ દિવસના યુદ્ધ વિરામની પસંદગી કરી હતી જેનાથી ગુપ્ત માહિતીની સમીક્ષા કરી શકાય. હમાસે આ યુદ્ધ વિરામનું ઉલ્લંઘન કર્યું છે. હવે અમે આ નવા યુદ્ધમાં પોતાની ભૂલોમાંથી શીખેલા પાઠનો પ્રયોગ કરીશું.

૧ ડિસેમ્બરે યુદ્ધવિરામ સમાપ્ત થયા બાદ હગરીએ કહ્યું કે હમાસ સંગઠને બંધકોની મુક્તિનો અસ્વીકાર કરતા યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરીને યુદ્ધ પસંદ કર્યું છે. તેમણે કહ્યું કે, અમે હમાસ વિરુદ્ધ યુદ્ધના નવા તબક્કામાં પ્રવેશ કરી ચૂક્યા છે. આતંકવાદી સંગઠને બંધક બનાવવામાં આવેલી મહિલાઓ અને બાળકોને મુક્ત કરવાનો ઈનકાર કરી દીધો છે. હમાસે ઈઝરાયેલના ઘરો પર રોકેટ પણ છોડ્યા છે જેનાથી એ સ્પષ્ટ થાય છે કે આતંકવાદી સંગઠને યુદ્ધ પસંદ કર્યું છે.

હગરીએ કહ્યું કે, સાત ઓક્ટોબરના રોજ હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો.આ દરમિયાન તેઓ અમારા અનેક નાગરિકોને બંધક બનાવીને લઈ ગયા હતા. હજું પણ લગભગ ૧૩૭ લોકોને તેમણે બંધક બનાવીને રાખ્યા છે. આઈડીએફપ્રવક્તાએ આંતરરાષ્ટ્રીય સંગઠન પર બંધકોની મુક્તિ માટે મદદ માંગી છે. આ વચ્ચે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ મંગળવારે તેલ અવીવમાં સંરક્ષણ મંત્રાલયમાં મંત્રી મંડળની બેઠક બોલાવી હતી.

આ બેઠકમાં વડાપ્રધાનની સાથે આઈડીએફચીફ ઓફ સ્ટાફ, રાષ્ટ્રીય સુરક્ષા કાઉન્સિલ પ્રમુખ, મોસાદના પ્રમુખ, શિન બેટના પ્રમુખ અને રક્ષા મંત્રી યોવ ગેલેંટ પણ સામેલ થયા હતા.

### ખાલિસ્તાની આતંકી પન્નુએ ફરી ધમકી આપી

# ૧૩ ડિસેમ્બરે સંસદ પર હુમલાની આતંકી પન્નુની ધમકી

## અગાઉ ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ સંસદ ભવન પર આતંકવાદી હુમલો થયો હતો, પન્નુએ ધમકી આપતો વીડિયો જારી કર્યો

ટોરેન્ટો, તા.૬

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ ફરી એકવાર ધમકી આપી છે. પન્નુએ ભારત પર હુમલો કરવાની ધમકી આપતો વધુ એક વીડિયો જાહેર કર્યો છે.

પન્નુએ વીડિયોમાં કહ્યું કે મારી હત્યાનું કાવતરું નિષ્ફળ ગયું. હું ૧૩મી ડિસેમ્બરે સંસદ ભવન પર હુમલો કરીને તેનો જવાબ આપીશ. ઉલ્લેખનીય છે કે કે ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ સંસદ ભવન પર આતંકવાદી હુમલો થયો હતો.

પન્નુએ વીડિયોમાં કહ્યું કે ભારતીય એજન્સીઓએ તેની હત્યા કરવાની યોજના બનાવી હતી, જે નિષ્ફળ રહી. હવે હુમલાના પ્લાનિંગના જવાબમાં તે ૧૩ ડિસેમ્બરે સંસદ પર હુમલો કરશે. વીડિયોમાં પન્નુએ સંસદ ભવન હુમલાના દોષી અફઝલ ગુરુ સાથેનું એક પોસ્ટર પણ બહાર પાડ્યું છે, જેમાં લખ્યું છે કે 'દિલ્હી બનશે પાકિસ્તાન'.

પન્નુનો નવો વીડિયો જોયા બાદ સુરક્ષા એજન્સીઓએ કહ્યું છે કે પન્નુના વીડિયોનું કન્ટેન્ટ સાંભળ્યા બાદ સ્પષ્ટ થાય છે કે પન્નુને આ સ્ક્રિપ્ટ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના કે-૨ ડેસ્ક દ્વારા આપવામાં આવી છે.

વીડિયોમાં એક તરફ પન્નુ ખાલિસ્તાનનો એજન્ડા ચલાવી રહ્યો છે, તો બીજી તરફ અફઝલ ગુરુનું નામ લઈને તે કાશ્મીરી આતંકવાદીઓ અને પાકિસ્તાનના કાશ્મીર એજન્ડાને પણ સમર્થન આપી રહ્યો છે. પન્નુના આ વીડિયો બાદ સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે.

### ભારતના દુશ્મનોનો પાકિસ્તાનમાં સફાયો ચાલી રહ્યો છે

# તૈયબાનો આતંકી અદનાન અહમદ પાકિસ્તાનમાં ઠાર મરાયો

## અજાણ્યા બંદૂકધારીઓએ ગોળી મારી, કુલ ચાર ગોળીઓ મારવામાં આવી, જેનાથી તેનું ઘટના સ્થળે જ મોત થયું

કરાંચી, તા.૬

ભારતના દુશ્મનોનો પાકિસ્તાનમાં સફાયો ચાલી રહ્યો છે. કરાચીમાં ભારતે વધુ એક મોટા દુશ્મનને ઠાર માર્યો છે. જોકે, ૨૦૧૫માં જમ્મુ કાશ્મીરના ઉધમપુરમાં બીએસએફના કાફલા પર હુમલાનું ષડયંત્ર રચનારા લશ્કર-એ-તૈયબાના આતંકવાદી અદનાન અહમદ ઉર્ફ હંઝલા અદનાનને ઠાર મરાયો છે. રિપોર્ટ અનુસાર, તેને અજાણ્યા બંદૂકધારીઓએ ગોળી મારી છે.

એક ન્યૂઝ એજન્સીના રિપોર્ટ અનુસાર, હંઝલા અદનાનને ૨ અને ૩ ડિસેમ્બર દરમિયાન રાત્રે અજાણ્યા બંદૂકધારીઓએ ગોળીઓથી ઠાર માર્યો. તેને કુલ ચાર ગોળીઓ મારવામાં આવી, જેનાથી તેનું ઘટના સ્થળે જ મોત થઈ ગયું. રિપોર્ટ અનુસાર, અદનાન ૨૬/૧૧ મુંબઈ હુમલાનો માસ્ટરમાઈન્ટ લશ્કર પ્રમુખ હાફિઝ સઈદનો ખુબ નજીકનો મનાતો હતો. રિપોર્ટમાં જણાવાયું છે કે, અદનાનને તેના ઘરની બહાર જ ગોળી મારવામાં આવી, જ્યારબાદ તેને પાકિસ્તાની સેના દ્વારા ગુપ્ત રીતે કરાચીની એક હોસ્પિટલમાં લઈ જવાયો. જ્યાં તેને મૃત જાહેર કરાયો.

ઉલ્લેખનીય છે કે, ઉધપુરમાં બીએસએફના કાફલા પર લશ્કર આતંકીઓના હુમલામાં સેનાના બે જવાન શહીદ થઈ ગયા હતા. જ્યારે ૧૩ બીએસએફના જવાન ઈજાગ્રસ્ત થયા હતા.

### ચાંપાનેર ફેસ્ટિવલ એક લીપ ફોરવર્ડનું પ્રતિનિધિત્વ કરે છે

# યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ખાતે ચાંપાનેર ફેસ્ટિવલ યોજાશે


## આ નગરના મલ્ટીપલ આઈકોનિક હેરિટેજ સ્ટ્રક્ચર અને પૌરાણિક વાર્તાઓને રજૂ કરતાં તેના ઈતિહાસને પુનઃ જીવિત કરશે

વડોદરા, તા.૬

દેશના અદ્ભભૂત વારસાને જાળવતાં તેના પારંપારિક અને ઐતિહાસિક સ્મારકો વિશે થીમેટિક મ્યુઝિક અને ઈમેજ ટ્રાન્સફોર્મિંગ શેડો લાઈટ શો દ્વારા જાગૃતિ અને માહિતી આપવાના મિશનને આગળ વધારતા ભરતનાટ્યમના જાણીતા કલાકાર બિરવા કુરેશી દ્વારા સ્થાપિત ક્રાફ્ટ ઓફ આર્ટ ૯ ડિસેમ્બર, ૨૦૨૩ શનિવારના રોજ ચાંપાનેર ફેસ્ટિવલનું આયોજન કરવા જઈ રહી છે. પાવાગઢના ડુંગરો નજીક સ્થિત યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ચાંપાનેર ખાતે ચાંપાનેર ફેસ્ટિવલ યોજાશે. જે આ નગરના મલ્ટીપલ આઈકોનિક હેરિટેજ સ્ટ્રક્ચર અને પૌરાણિક વાર્તાઓને રજૂ કરતાં તેના ઈતિહાસને પુનઃ જીવિત કરશે. ક્રાફ્ટ ઓફ આર્ટના ફાઉન્ડર અને આર્ટિસ્ટિક ડિરેક્ટર બિરવા કુરેશીએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૪ વર્ષથી ક્રાફ્ટ ઓફ આર્ટ દેશના અમૂલ્ય અને સમૃદ્ધ વારસા સાથે લોકોને જોડવાનું મિશન ચલાવી રહ્યું છે. વાઈબ્રન્ટ મ્યુઝિકલ સેલિબ્રેશન, કલા, હસ્તકલા, કલાકારો, કારીગરો, સ્થાપત્ય, ઈતિહાસ, વારસો અને પરંપરાની વાર્તાઓ દ્વારા સ્મારકો સુધી લોકોને પહોંચાડવામાં સફળ રહ્યા છીએ.ચાંપાનેર ફેસ્ટિવલ એક લીપ ફોરવર્ડનું પ્રતિનિધિત્વ કરે છે અને ફોટો પ્રદર્શન તથા મ્યુઝિયમ ડિસ્પ્લે સહિત વ્યાપક કેનવાસને આવરી લેતા સંગીતની મદદથી લોકોને આકર્ષે છે. જેમાં સ્થાનિક હસ્તકલા, સ્વાદિષ્ટ ભોજન, લોક સંગીત; વિવિધ સ્થળોએ સૂફી, શાસ્ત્રીય અને વિશ્વની સંગીતકળાઓને આવરી લેતાં સંગીત સમારોહની વિવિધ શ્રેણી ઉપરાંત નૃત્ય, જોવાલાયક સ્થળો અને વોકિંગ ટૂરને પણ આવરી લેવામાં આવે છે."

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા ૨૫ વૃદ્ધ માવતરોને રાશનકીટનું વિતરણ



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાના બગસરા, સાપર, કુંકાવાવ, કોલડા, નાના માચિયાળા ગામમાં રહેતા દેવીપૂજક, સરાણીયા, લુહારિયા, મુસ્લિમ, દલિત, બાબરા, વગેરે સમુદાયના વૃદ્ધ, અશકત, નિરાધાર અને ગંભીર રીતે બીમાર લોકો કે જે કામ નથી કરી શકતા તેવા ૨૫ અશકત પરિવારોને આ અવસ્થામાં કોઈની લાચારી ના ભોગવવી પડે તેમજ ઓશિયાળી જિંદગી ના જીવવી પડે તેમાટે વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થાના અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા મિત્તલબેન પટેલ તેમજ ડિમ્પલબેનના માર્ગદર્શન હેઠળ ડિસેમ્બર–૨૦૨૩ માસની રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરેક પરિવારોએ ખુશીની લાગણી વ્યકત કરી હૃદયથી આશીર્વાદ આપ્યા હતા. આ પરિવારોને વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા દર માસે મફત રાશનકીટ આપવામાં આવે છે. તેવું રમેશભાઈ મકવાણાએ જણાવ્યું હતું.

### ચેટજીપીટીની શરૂઆત સાથે, વિશ્વભરમાં ખુબ જ ચર્ચા

# બ્રાઝિલમાં ચેટજીપીટી દ્વારા ૧૫ સેકન્ડમાં વોટર મીટર અંગેનો કાયદો તૈયાર કરાયો

## ચેટબોટે લાંબા સમયથી પેન્ડીંગ કેસનો વ્યવહારુ ઉકેલ આપ્યો, આ બાદ એઆઈની ક્ષમતાથી સમગ્ર સિટી કાઉન્સિલ પ્રભાવિત થયું

બ્રાઝિલિયા, તા.૬

ચેટજીપીટીની શરૂઆત સાથે, વિશ્વભરમાં ખુબ જ ચર્ચાઓ થતી જોવા મળે છે. ઘણા લોકોએ તેનો વિરોધ કર્યો. તેમજ લોકો તેમની નોકરી ગુમાવવાનો ડર અનુભવતા હતા. લોકો વિવિધ અનુમાનો કરવા લાગ્યા કે એક દિવસ દુનિયા પર મશીનોનું શાસન હશે અને માણસો મશીનો દ્વારા બનાવેલા કાયદા પ્રમાણે જીવશે.

જો કે, એઆઈએ તૈયાર કરેલા નિયમોને અમુક જગ્યાએ લાગૂ કરવાની શરૂઆત થવા લાગી છે. આવુ બ્રાઝિલના શહેર પોર્ટો એલેગ્રેમાં થયું છે. સિટી કાઉન્સિલના સભ્ય રામીરો રોઝારીઓએ ભવિષ્યમાં કાયદાકીય પ્રક્રિયામાં આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ ના ઉપયોગને સમર્થન આપ્યું છે.

ઓપનએઆઈના ચેટબોટ ચેટજીપીટીઅંગે આ વાત કરતા જણાવવામાં આવ્યું છે કે આ અપ્રોચ પછી, શાસનમાં એઆઈની ભૂમિકા બાબતે ચર્ચા શરુ થઈ છે.

શું એઆઈમાટે મનુષ્યો માટે કાયદો બનાવવો શક્ય છે? એવા અનુમાન લગાવવામાં આવતા કે એક દિવસ મશીન માણસો માટે કાયદો બનાવશે. જે હવે હકીકતમાં પણ બની રહ્યું છે. પરંતુ હવે વાસ્તવમાં તે થઈ રહ્યું છે.

ચેટજીપીટીદ્વારા માત્ર ૧૫ સેકન્ડમાં વોટર મીટર અંગેનો કાયદો તૈયાર કરી દેવામાં આવ્યો છે. આથી એવું કહી શકાય કે ચેટબોટે લાંબા સમયથી પેન્ડીંગ કેસનો વ્યવહારુ ઉકેલ આપ્યો છે. આ બાદ એઆઈની ક્ષમતાથી સમગ્ર સિટી કાઉન્સિલ પ્રભાવિત થયું છે. એઆઈદ્વારા બનાવવામાં આવેલો આ કાયદાનું પરિણામ એ આવ્યું કે આ મામલાનું લાંબા સમયથી પેન્ડીંગ કેસ પર આ કાયદો બનતા સિટી કાઉન્સિલે બિલ પાસ કરી દીધું. એઆઈદ્વારા બનેલા કાયદામાં ચોરી થતા પાણીના બધા જ મીટરને રિપ્લેસ કરવા માટે ૩૦ દિવસની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ સાથે જ ચોરી થવાના કારણે નવા મીટર લગાવવા બાબતે પ્રોપર્ટીના માલિકોને છૂટ આપવાનું પણ કહેવામાં આવ્યું છે. બિલ પાસ થયા બાદ આ મામલો સામે આવ્યો છે. જો કે, આ કેસથી એ પણ સ્પષ્ટ થાય છે કે જાહેર વહીવટમાં એઆઈનો ઉપયોગ સ્વીકારવામાં આવી રહ્યો છે. આ પહેલા પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગને લઈને હંમેશા સવાલો ઉભા થયા છે. કોઈપણ વહીવટી નીતિમાં તેનો પ્રથમ વખત ઉપયોગ કરવામાં આવ્યો છે.

### વર્લ્ડ કપમાં ભારતીય પૂર્વ ક્રિકેટર અફઘાનિસ્તાનની ટીમનો કોચ હતો

# પાકિસ્તાનની ટીમના કોચ બનવા સામે કોઈ વાંધો નથી : અજય જાડેજા

## મેં અફઘાન ટીમ સાથે મારો અનુભવ શેર કર્યો અને હું માનું છું કે પાકિસ્તાન પણ એક સમયે અફઘાનિસ્તાન જેવું હતુઃ જાડેજા

નવી દિલ્હી, તા.૬

પાકિસ્તાન ક્રિકેટ ટીમનું વનડે વર્લ્ડ કપ૨૦૨૩માં પ્રદર્શન ખુબ જ નિરાશાજનક રહ્યું હતું. પાકિસ્તાનની ટીમ લીગ સ્ટેજમાં જ બહાર થઈ પોતાના વતન પરત ફરી ગઈ હતી. પાકિસ્તાન પહોંચતા જ બાબર આઝમે કેપ્ટનશીપથી રાજીનામું આપી દીધું હતું. તે પછી પાકિસ્તાન ક્રિકેટમાં હલચલ મચી ગઈ હતી. મેનેજમેન્ટથી લઈને કોચિંગ સ્ટાફ સુધી તમામ લોકોને બદલવામાં આવ્યા હતા. હાલ પાકિસ્તાન ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. આ દરમિયાન એક પૂર્વ ભારતીય ખેલાડીએ પાકિસ્તાનના કોચ બનવા અંગે મોટી વાત કહી દીધી છે.ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટર અજય જાડેજાએ કહ્યું હતું કે તેમને પાકિસ્તાનના કોચ બનવા સામે કોઈ વાંધો નથી. એક ઈન્ટરવ્યુ દરમિયાન જ્યારે તેમને પાકિસ્તાન ક્રિકેટના કોચની ભૂમિકા નિભાવવા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો તો તેમણે જવાબ આપતા કહ્યું, 'હું તૈયાર છું.' તેમણે આગળ કહ્યું, 'મેં અફઘાન ટીમ સાથે મારો અનુભવ શેર કર્યો અને હું માનું છું કે પાકિસ્તાન પણ એક સમયે અફઘાનિસ્તાન જેવું હતું.'અજય જાડેજાએ વનડે વર્લ્ડ કપ૨૦૨૩માં અફઘાનિસ્તાનના શાનદાર પ્રદર્શનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેઓ મેંટોર તરીકે ટીમ સાથે જોડાયા હતા. અફઘાનિસ્તાનની ટીમ વનડે વર્લ્ડ કપ૨૦૨૩માં ૪ મેચ જીતી પોઈન્ટ્સ ટેબલ પર છટ્ઠા સ્થાને રહી હતી. આ સાથે જ અફઘાનિસ્તાને આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાટે પણ ક્વાલિફાઈ કર્યુંહતું. આ પ્રથમ વખત છે જયારે અફઘાનિસ્તાનની ટીમ આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ક્વાલિફાઈ થઈ છે. અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમના હેડ કોચ જોનાથન ટ્રોટ અને ટીમના કેપ્ટન હશમતુલ્લાહ શાહિદીએ અજય જાડેજાની વનડે વર્લ્ડ કપ૨૦૨૩માં અફઘાનિસ્તાનના પ્રદર્શનમાં મોટી ભૂમિકા માટે પ્રશંસા કરી હતી. જણાવી દઈએ કે અફઘાનિસ્તાનની ટીમ જાન્યુઆરીમાં ત્રણ મેચની ટી૨૦ સિરીઝ માટે ભારતના પ્રવાસે આવશે. આ સિરીઝ ૧૧ જાન્યુઆરીથી શરૂ થશે અને ૧૭ જાન્યુઆરી સુધી ચાલશે. ટી૨૦ સિરીઝની પ્રથમ મેચ ૧૧ જાન્યુઆરીએ મોહાલીમાં, બીજી મેચ ૧૪ જાન્યુઆરીએ ઈન્દોરમાં અને ત્રીજી મેચ ૧૭ જાન્યુઆરીએ બેંગલુરુમાં રમાશે.

## આંગણવાડી વર્કર, શિક્ષકો અને માત્ર ગણ્યાગાંઠયા સરકારી કર્મચારીઓ જ હાજર રહ્યા

# લીલીયા ખાતે ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં ગામજનો ગેરહાજર

**અમરેલી જિલ્લામાં ઠેકઠેકાણે વિકસિત ભારત સંકલ્પ યાત્રા પહોંચી રહી છે પરંતુ જનતા જનાર્દનની ગેરહાજરીથી ધારાસભ્ય અકળાયા**

**લીલીયા ખાતે ધારાસભ્યએ અધિકારીઓનો જાહેરમાં ઉધડો લીધો અને કહ્યું કે થુંકના સાંધાથી કામ નહી ચલાવી લેવાઈ**

**ગામજનોને પુરતી જાણકારી આપીને એકત્ર કરવાનાં ના હોય તો યાત્રાને અટકાવી દેવી જોઈએ**

**બે દિવસ પહેલા યોજાયેલ કાર્યક્રમનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો**





અમરેલી, તા. ૬

ભારત અને ગુજરાત સરકાર દ્વારા તેમની વિવિધ જનકલ્યાણ યોજનાઓનો લાભ છેવાડાનાં ગામ સુધી પહોંચે તે માટે દર મહિને કોઈને કોઈ યાત્રા, અભિયાન જેવા કાર્યક્રમો યોજાતા હોય છે અને સમગ્ર વહીવટીતંત્ર તે કાર્યમાં વ્યસ્ત હોય છે અને સરકારની સિધ્ધિઓનાં કાર્યમાં જનતા જ ગેરહાજર રહે અને માત્ર સરકારી કર્મચારીઓ જ ઉપસ્થિત રહે તો આ યાત્રાઓ કે અભિયાનનો કોઈ મત્તલબ રહેતો નથી.

તાજેતરમાં લીલીયા મોટા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા આવી પહોંચતા ધારાસભ્ય મહેશ કસવાલાએ ઉપસ્થિત જનતામાંથી જે સરકારી કર્મચારીઓ હોય તેઓને હાથ ઉંચો કરવાનું કહેતા લગભગ મોટાભાગનાં કર્મચારીઓ જ જોવા મળ્યા હતા અને અમુક આમંત્રિત હતા બાકી ગામજનો તો કયાંય જોવા ન મળતા ધારાસભ્ય અકળાઈ ઉઠયા અને જણાવ્યું કે, વિકસિત યાત્રાનાં કાર્યક્રમમાં જનતા ઉપસ્થિત ન રહે તો કેમ ચાલે અને ઉપસ્થિત અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે જે ગામમાં યાત્રા જવાની હોય ત્યાં આગળનાં દિવસે ઢોલ વગાડીને જાહેરાત કરો અને જો જનતાને ઉપસ્થિત રાખી શકતા ન હો તો આ યાત્રાનું આપણે સમાપન જ કરી દેવું હિતાવહ છે અને આ માટે હું રાજય સરકારને પણ જાણ કરી દઈશ.

ધારાસભ્યએ દર્શાવેલી નારાજગીનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચકચાર મચી છે અને વહીવટીતંત્ર સરકારી કાર્યક્રમોની માત્ર ઔપચારિકતા જ પૂર્ણ કરતું હોય તેવું પ્રકાશમાં આવ્યું હતું.

### મહુવા માર્ગ પરની ઘટના

# રાજુલાની ખાનગી શાળા નજીક રીક્ષા અને બાઇક સામસામે અથડાયા

**૨ વ્યકિતઓને સારવારમાં ખસેડાયા**

રાજુલા, તા. ૬

રાજુલા–મહુવા રોડ પર કાન્હા સ્કૂલ પાસે અકસ્માત થવા પામેલ, જેમાં સનેડો રીક્ષા તેમજ મોટરસાયકલ સામસામા અથડાતા ઉટીયા ગામના વીરાભાઈ પરમાર સહિત કુલ બે વ્યકિતઓને ઈજા થવા પામેલ.

આ ઘટના બનતા ત્યાંથી પસાર થતા ખોડુભાઈ ઝાલા તેમજ

**અનુસંધાન પાના ૬ ઉપર**











### વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતમાં એસ.ટી.ની વેબસાઈટ બંધ હોવાથી

# આમા સ્કુલે કેમ જવું ? : બગસરાનાં એસ.ટી. ડેપોમાં ૬ દિવસથી વિદ્યાર્થીઓ પાસ માટે વલખા મારવા મજબુર

**વિકસિત ભારત સંકલ્પ યાત્રાનાં માહોલમાં વાસ્તવિકતા મુશ્કેલીભરી**




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૬

બગસરા એસ.ટી.ડેપોમાં છેલ્લા છ દિવસ થયા વિદ્યાર્થીઓને પાસ માટે વલખા મારવા પડે છે. બગસરા એસ.ટી. ડેપોમાં સ્કુલના તથા કોલેજનાં વિદ્યાર્થી ભાઈ–બહેનોને પાસ કઢાવવા અનેકવાર ધક્કા ખાવા પડયા છે. અને છેલ્લા છ દિવસથી ટિકિટ ભાડા ખરચીને કુલ ટિકિટમાં વિદ્યાર્થીઓ અપડાઉન કરે છે. અને પુછવામાં આવતા એસ.ટી.ડેપોમાં ત્યાંના જવાબદાર વ્યકિત દ્વારા જણાવ્યું કે અમારી વેબસાઈટ બંધ છે તો છેલ્લા છ દિવસ થયા વિદ્યાર્થીઓને પોતાનો ભણતર બગાડીને પાસ માટો લાઈનમાં ઉભા રહી અને પાસ મેળવવા માટે રાહ જોવી પડે છે. ત્યારે ફરી એક જ વાત આવીને ઉભી રહે છે કે વેબસાઈટ બનશે આવું અનેક વાર બનતું રહયું છે. ત્યારે વિદ્યાર્થીઓની માંગ એવી છે કે છેલ્લા છ દિવસ થયા અમારો ફૂલ ટિકિટમાં જવું પડે છે તેમને રાહત આપે તેવી માંગણી ઉઠી છે.

### તાલુકા કોંગી ઉપપ્રમુખ વિપુલ પોર્કિયાની માંગ

# અમરેલીનાં ચિતલથી રાંઢીયા અને રાંઢીયાથી લુણીધારનો માર્ગ બનાવો

**માર્ગ–મકાન વિભાગનાં અધિકારીને પત્ર પાઠવ્યો**



અમરેલી, તા. ૬

અમરેલી તાલુકાનાં ચિતલથી રાંઢીયા અને રાંઢીયાથી લુણીધાર ગામ સુધીનો ડામર રોડ અતિ બિસ્માર હાલતમાં હોય જેને લીધે વાહન ચાલકોને વાહન ચલાવવામાં ખુબજ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તથા વાહન ચાલકોને વાહનોનો રીપેરીંગ ખર્ચ પણ વધુ આવે છે અને ખરાબ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### તસ્કરો કારમી મોંઘવારીમાં ગમે તે વસ્તુની કરે ઉઠાંતરી

# લ્યો બોલો : બાબરાનાં ચમારડી ખાતેથી ભારવાહક છકડાની ચોરી

અમરેલી, તા. ૬

બાબરા તાલુકાના ચમારડી ગામે રહેતા અને રીક્ષા ડ્રાઈવિંગનું કામ કરતાં રહીમભાઈ ભીખુભાઈ પઠાણ નામના ૪૭ વર્ષિય આધેડે ગત તા. ૧/૧૨ ના રોજ પોતાના ઘરની બહાર ડેલી પાસે રોડ ઉપર ખુલ્લામાં પાર્ક કરી રાખેલ અંબાજી કંપનીની ત્રણ વ્હીલવાળી ભાર વાહક છકડો રીક્ષા નં. જી.જે.–૦૪–ટી–૫૭૪૬ જે રીક્ષા ભુરા કલરની હોય જેની કિંમત રૂપિયા ૭૦,૦૦૦ જે રીક્ષા હાલ મનુભાઈ છનાભાઈ પીપળવા (રહે. બાબરા) વાળાના નામે હોય સને–૨૦૧૮ની સાલમાં વેચાતી રાખેલ જે રીક્ષા કોઈ અજાણ્યા વ્યકિત ચોરી કરી લઈ ગયાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાઈ છે.






*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)